# પરિવર્તન પામતાં ગુજરાતના આદિવાસી ગામો
# આભાપુર (જિલ્લો સાબરકાંઠા)

અહેવાલ લેખન :
ડૉ. મુસ્તાઅલી ઈ. મસવી

સંકલન :
ડૉ. ઠાકોરભાઇ નાયક

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ–૩૮૦૦૧૪

290

૧૯૯૦

# -:: પ્ર ક ર ણ - ૧ ::-

## -:: પ્રા સ્તા વિ ક ::-

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર તરફથી ૧૯૬૯-૭૦ના વરસમાં ગુજરાતની મુખ્ય આદિવાસી જાતિઓ પર ગ્રંથ રચવાનું કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. આ તપાસ માટે રાજ્યના જુદા જુદા આદિવાસી વિસ્તારોમાંની જુદી જુદી આદિવાસી જાતિઓની વસ્તી ધરાવતાં ગામો પસંદ કરવામાં આવ્યાં હતાં. ભીલ, ગરાસિયા જાતિ માટે સાબરકાંઠા જિલ્લાના વિજયનગર મહાલનું 'આભાપુર' ગામ પસંદ કરવામાં આવ્યું હતું. ૧૯૭૭માં ફરીથી કેન્દ્ર તરફથી તેના તેજ ગામોની પુનઃ તપાસ કરવામાં આવી હતી. આથી કેન્દ્ર ધ્વારા ૧૯૭૭માં આભાપુર ગામની પુનઃતપાસ થઈ હતી. એજ રીતે ફરીથી ૧૯૮૯માં આ ગામની પુનઃ તપાસ કરવાનું નકકી કરવામાં આવ્યું હતું.

- <u>તપાસનો ઉદ્દેશ</u> :-

૧૯૭૭માં આભાપુર ગામમાંથી જે કુટુંબોની તપાસ કરવામાં આવી હતી તેના તેજ કુટુંબોની પુનઃ મોજણી ૧૯૮૯માં કરવામાં આવી હતી. આ તપાસનો મુખ્ય હેતુ દસ વરસના ગાળા દરમિયાન ગામમાં કેવા પ્રકારનું પરિવર્તન આવ્યું છે અને કેવા પ્રકારના સામાજિક, આર્થિક અને રાજકીય ફેરફારો થયા છે. દસ વરસના ગાળા દરમિયાન સરકારના વિકાસ કાર્યક્રમોને લીધે ગામના લોકોના જીવનધોરણના સ્તરમાં કોઈ ફેરફાર નોંધાયો છે કે કેમ તે વિશે માહિતી મેળવવાનો હતો.

- <u>તપાસ પધ્ધતિ</u> :-

આ ગામની તપાસ સર્વેક્ષણ પધ્ધતિ ધ્વારા હાથ ધરવામાં આવી હતી. સાથોસાથ માનવશાસ્ત્રીય સંશોધન પધ્ધતિમાં સહભાગી નિરીક્ષણ

પધ્ધતિનો ઉપયોગ કરી માહિતી એકત્ર કરવામાં આવી હતી. આ તપાસ સમયે માત્રાત્મક પાસાંઓની સાથોસાથ તુલનાત્મક પાસાંને પણ મહત્વ આપવામાં આવ્યું હતું. આ તપાસ માટે ૧૯૬૯ વરસની જેમ એક પ્રશ્નાવલી તૈયાર કરવામાં આવી હતી અને તે ધ્વારા જીવનનાં દરેક પાસાંઓ વિશે માહિતી એકત્ર કરવામાં આવી હતી. દરેક તપાસ સમયે લેખકે પોતે જ ગામ પર રહી માહિતી એકત્ર કરી હતી. આ તપાસના ક્ષેત્રકાર્યમાં કેન્દ્રના આંકડા મદદનીશ શ્રી અરુણભાઈ પટેલે પણ સહાય કરી છે તે બદલ તેમનો આભારી છું.

૧૯૬૯માં આભાપુર ગામમાંથી કુલ ૪૧ ગરાસિયા કુટુંબની મોજણી કરવામાં આવી હતી. ૧૯૭૯ના તપાસ સમયે ૪૧ કુટુંબોમાંથી ૧૧ કુટુંબોના વડાઓ હયાત ન હોવાને કારણે માત્ર ૩૦ કુટુંબોની પુનઃતપાસ કરવામાં આવી હતી. ૧૯૮૯ના તપાસ સમયે આ ૩૦ કુટુંબોમાંથી ૧૦ કુટુંબોના વડા હયાત ન હોવાને કારણે માત્ર ૨૦ કુટુંબોને સર્વેક્ષણ હેઠળ આવરી લેવામાં આવ્યાં છે. આ અભ્યાસમાં આ ૨૦ કુટુંબોની ૧૯૭૯માં આર્થિક-સામાજિક શી સ્થિતિ હતી અને ૧૯૮૯માં આજ કુટુંબોમાં દાયકા દરમિયાન કેવા પ્રકારનાં પરિવર્તનો આવ્યાં છે તેની ચર્ચા કરવામાં આવી છે. પ્રસ્તુત અહેવાલ ૨૦ કુટુંબો પૂરતો મર્યાદિત છે.

- <u>ગામ પરિચય</u> :-

આભાપુર ગામ વિજયનગર મહાલમાં વિજયનગરથી ૧૨ કિ.મી. પૂર્વમાં વસેલું છે. ગામની નજીકમાં જ હરણાવ નદી વહે છે. નદીમાં માત્ર ચોમાસામાં જ પાણી હોય છે. ગામની નજીકમાંજ શિવ, મહાવીર અને સૂર્ય મંદિરોના ખંડેરો આવેલા છે. ગામમાં શારણેશ્વર મહાદેવનું મંદિર છે જે ઈ.સ. ૧૧૦૦ના અરસામાં બાંધવામાં આવ્યું હતું એમ માનવામાં આવે છે. મંદિરની બહાર જિલ્લા પંચાયત તરફથી ધર્મશાળા બાંધવામાં આવી છે. આભાપુરથી એકાદ માઈલ ઉત્તર-પશ્ચિમમાં હરણાવ નદીને પસાર કરીને જંગલ વિસ્તારમાં પ્રવેશતા

લાખેણાના મંદિરોના ખંડેરો આવેલા છે. આભાપુર જંગલો તથા પહાડી વિસ્તારોમાં આવેલું છે. ગામની નજીકમાં જ પૂર્વ વિસ્તારમાં જંગલો આવેલા છે. આ જંગલ વિસ્તાર ખૂબ ગાઢ નથી. ગામનો વસવાટ સપાટ પ્રદેશમાં થયો છે. પરંતુ ગામની નજીકમાં જ પર્વતોની હારમાળા આવેલી છે. ખેતી માટેની જમીન સિવાયની બધી જ જમીન ડુંગરાળ અને જંગલ વિસ્તારની છે. ગામના વસવાટના મકાનો વ્યવસ્થિત રીતે બંધાયેલ નથી. જોકે મકાનો છૂટાંછવાયાં છે પરંતુ એક મકાન અને બીજા મકાન વચ્ચેનું અંતર ખૂબ વધારે નથી. ગામના બસ સ્ટેન્ડથી મકાનોની શરૂઆત થાય છે. આભાપુરથી ઈડરનું અંતર ૨૨ માઈલનું છે જ્યારે આભાપુરથી નજીકમાં આવેલ ગામો બંધણા, ધોળીવાવ, ડેચા વગેરે ગણી શકાય. ગામના પૂર્વ વિસ્તારમાં જંગલો આવેલા છે. ડેચા એ રાજસ્થાન રાજ્યમાં આવેલું છે. વિજયનગર મહાલમાં સૌથી વધારે ઉંચા ડુંગરોમાં કબાડિયો અને ભીમમેડિયો એમ બે ડુંગરો છે. આ બે ડુંગરો લગભગ સરખી ઉંચાઈના છે. આ ડુંગરોની બાજુમાં થઈને હરણાવ નદી પસાર થાય છે. આ ડુંગરોની વચ્ચે નાનો બંધ આવેલ છે અને નહેર પણ ખોદેલ છે. આ બંધ સિંચાઈના આશયથી બાંધ્યો હતો પરંતુ હાલમાં નદીના વહેણથી કાંપ તથા પથ્થર ધસડાઈને આવવાની બંધ પુરાઈ ગયો છે.

- **આબોહવા :-**

ગામ ઉત્તર ગુજરાતમાં રાજસ્થાનની સરહદ સાથે જોડાયેલું છે. સામાન્ય રીતે ઉત્તર ગુજરાતની આબોહવા વિષમ છે. ઉનાળામાં પણ સખત ગરમી અને શિયાળામાં સખત ઠંડી પડે છે. વિજયનગર પણ આ આબોહવામાંથી મુક્ત રહી શક્તો નથી. જો કે આબોહવા સૂકી હોવાને કારણે આરોગ્યપ્રદ ગણાય છે છતાં પણ કામ કરવા માટે ઉત્સાહ પ્રેરે તેવી આબોહવા આ વિસ્તારમાં નથી. આ વિસ્તારની આબોહવા અંગેની ચોક્કસ માહિતી મળતી નથી પરંતુ જિલ્લાના

મુખ્ય મથકે પ્રવર્તતા આબોહવાના આંકડા ઉપલબ્ધ છે તે પરથી વધુમાં વધુ તથા ઓછામાં ઓછું ઉષ્ણતામાન કેટલું છે તે જાણી શકાય છે. હિંમતનગર કરતાં પણ વિજયનગર મહાલમાં ઠંડીનું પ્રમાણ ખૂબ વધારે છે. ડુંગરો તથા જંગલોને કારણે ફેબ્રુઆરી માસમાં સખત ઠંડી પડે છે અને ઠંડી સાથે ઠંડા પવનોને લીધે બપોરના બાર વાગ્યા સુધી શરીરમાંથી ઠંડી ઉડી શકતી નથી અને સાંજના ચાર વાગ્યાથી હવામાનમાં ઠંડક શરૂ થઈ જાય છે. સ્થાનિક લોકોના જણાવ્યા પ્રમાણે અહીં ઠંડીનું પ્રમાણ ઘણીવાર એટલુ બધું વધી જાય છે કે ઝાડપાન પણ બળી જાય છે, અને કપાસ જેવા પાક પણ બળી જાય છે. તેવી જ રીતે ઉનાળામાં ગરમીનું પ્રમાણ પણ વધારે રહે છે. જો કે જંગલ તથા ડુંગરાળ વિસ્તારને લીધે પવનો ઠંડા રહે છે પરંતુ હવે પહેલાં જેવા જંગલો જોવા મળતાં નથી.

સાબરકાંઠા જિલ્લામાં ચોમાસાની શરૂઆત જૂનની અધવચ્ચેથી શરૂ થાય છે, અને સપ્ટેમ્બરમાં સમાપ્ત થાય છે. જુલાઈમાં વરસાદનું પ્રમાણ વધારે હોય છે, જો કે ઉપર પ્રમાણે વરસાદની નિયમિતતા પ્રવર્તતી નથી. જિલ્લાના પર્વતવાળા વિસ્તારોમાં વરસાદનું પ્રમાણ વધારે છે. સામાન્ય રીતે તે વિસ્તારોમાં ૭૫ થી ૧૫૦ સે. મી. જેટલો વરસાદ ડુંગરાળ વિસ્તારમાં પડે છે. આથી વિરુધ્ધ જિલ્લાના સપાટ પ્રદેશમાં વરસાદનું પ્રમાણ ૬૦ થી ૭૫ સે.મી.નું છે. આમ ડુંગરાળ તથા સપાટ વિસ્તારમાં થતા વરસાદ વચ્ચે ઘણો મોટો તફાવત છે. જ્યાં ખેતી માટે ખૂબ જ અનુકૂળ જમીન છે તેવા વિસ્તારોમાં વરસાદનું પ્રમાણ ઓછું છે જ્યારે ખેતી માટેની જમીનનું પ્રમાણ ઓછું છે અને જે કંઈ જમીન છે તે પણ હલકી કક્ષાની છે ત્યાં વરસાદનું પ્રમાણ વધારે છે. ખાસ કરીને જિલ્લાના કેટલાક ભાગોમાં સપ્ટેમ્બર મહિનામાં વરસાદની ખેંચ વર્તાય છે.

- <u>ગામની વસતિ, સુવિધાઓ</u> :-

૧૯૮૧ની વસતિ ગણતરી પ્રમાણે ગામની કુલ વસ્તી ૫૦૪ માણસોની છે. કુલ વસ્તીમાં આદિવાસીઓની વસ્તી ૪૬૭ (૯૨.૬ ટકા) છે. કુલ વસ્તીમાં

૨૫૭ પુરુષો અને ૨૪૭ સ્ત્રીઓ હતાં. જ્યારે અનુસૂચિત જાતિની વસ્તી ૧૭ની છે. બિનઆદિવાસીઓની વસ્તી ૨૦ માણસોની છે. પહેલી તપાસ સમયે ૧૯૬૯માં જે ત્રણ કુટુંબો હરિજનના હતા તેજ કુટુંબનો વસવાટ છે. આ સિવાય ગામમાં એક મુસ્લિમ વેપારીનું કુટુંબ ૧૯૬૯માં હતું.

આભાપુર ગામ પર બસની સુવિધા બારેમાસ ઉપલબ્ધ રહે છે. હિંમતનગરથી વિજયનગર પાકો રસ્તો હોવાને કારણે બસની સુવિધા સહેલાઈથી મળી રહે છે. આભાપુરથી વિજયનગર વાયા વણજ પાકો રસ્તો છે. આ સિવાય એક કાચા રસ્તા પરથી બસ જાય છે પરંતુ ચોમાસામાં રસ્તો બંધ થઈ જાય છે ત્યારે ઘણી હાડમારી વેઠવી પડે છે. આભાપુરથી વિજયનગર જતી-આવતી બસ આભાપુર બસ સ્ટેન્ડ પાસે ઊભી રહે છે. ગામ આઠ ગામની ગ્રુપ પંચાયતમાં આવે છે. આભાપુર ગામમાં પોસ્ટની સગવડ નથી. નજીકની પોસ્ટ ઓફિસ આંતરસુબા છે જે ગામથી ૪ કિ.મી.ના અંતરે છે. ગામમાં ૭ ધોરણની પ્રાથમિક શાળા આવેલી છે. આશ્રમશાળા આંતરસુબા આવેલી છે. આ સિવાય છેલ્લા બે વરસથી શારણેશ્વર મંદિર પાસે ધોરણ ત્રણ સુધીની લોકભારતી આશ્રમશાળા આવેલી છે. ગામના બાળકો ઉચ્ચશિક્ષણ માટે આંતરસુબા, વિજયનગર અને સારોલી ગામમાં આવેલ ઉત્તર બુનિયાદી શાળામાં જાય છે. આ ઉપરાંત વિજયનગર અને કડિયાદરામાં માધ્યમિક શાળા આવેલી છે તેથી ગામના બાળકો સાત ધોરણ પછી આ શાળામાં પ્રવેશ મેળવે છે. કોલેજમાં ભણવા માટે ઈડર જવું પડે છે. ગામમાં એક આંગણવાડી ચાલે છે. ગામમાં કોઈ દવાખાનાની સગવડ નથી. દવા માટે આંતરસુબા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં જાય છે. તદઉપરાંત આંતરસુબા અને વિજયનગરમાં કેટલીક ખાનગી ડીસ્પેન્સરીઓ આવેલ છે તેનો પણ લોકો લાભ લે છે. ગામ આંતરસુબા સેવા સહકારી મંડળી સાથે જોડાયેલું છે. ગામમાં સસ્તા અનાજની દુકાન ગામના મુસ્લિમ વેપારી જ ચલાવે છે. આ સિવાય ગામમાં બે હલરઘંટી (એક પઠાણની જુની અને બીજી મુસ્લિમ વેપારી) છે.

ગામમાં હાલ ૩ કુવા છે. બે કૂવા આદિવાસી લોકોની માલિકીના છે અને એક કૂવો પઠાણની માલિકીનો છે. પહેલી તપાસ તેમજ બીજી તપાસ સમયે પણ ત્રણ કૂવા જ હતાં. ત્રણે કૂવા પીવાના પાણી માટે ઉપયોગી છે. એક કૂવાનો સિંચાઈ માટે હાલમાં ઉપયોગ થાય છે. ગામના લોકોને પીવા માટેનું પાણી આ ત્રણ કૂવામાંથી મળી રહે છે. આદિવાસી ખેડૂતના ખેતરમાં બંને કૂવા પાસે પાસે છે જયારે પઠાણનો કૂવો બસ સ્ટેન્ડ પાસે છે. આથી ગામના કેટલાંક કુટુંબોને પીવાનું પાણી મેળવવા માટેનું અંતર ઘણું જ દૂર છે. પહેલી તેમજ બીજી તપાસ સમયે ગામના હરિજન કુટુંબો આદિવાસીઓના કૂવા પરથી પાણી ભરી શકતા નહોતા. તેમને માત્ર પઠાણના કૂવાનો જ આશરો હતો પરંતુ છેલ્લા દાયકામાં પરિસ્થિતિ બદલાઈ થઈ છે. આદિવાસીઓને અસ્પૃશ્યતા અંગેના ધારાનો તેમજ નિયમનો ખ્યાલ આવતાં તેઓ હરિજનોને પણ પોતાને કૂવેથી પાણી ભરવા દે છે. હવે ગામમાં આ રીતની હેરાનગતિ થતી નથી. આ સિવાય ગામમાં અન્ય ૨૭ સિંચાઈના કૂવાઓ છે. આ ૨૭ કૂવામાંથી ૨૫ ટકા કૂવા પોતાને ખર્ચે બંધાયેલા છે. તદઉપરાંત ગામની બાજુમાં એક કૂવો શારણેશ્વર મહાદેવના મંદિરમાં આવેલો છે. આ કૂવો પાકો બાંધેલો છે અને નજીકમાં રહેતાં રબારી કુટુંબોને આ કૂવા દ્વારા પીવાનું પાણી મળી રહે છે. હરણાવ નદીમાં જે સ્થળે બંધ બાંધ્યો છે ત્યાં થોડા પ્રમાણમાં પાણી એકઠું થાય છે પરંતુ આ પાણીનો પીવા માટે ઉપયોગ થતો નથી. ગામની થોડી જમીનને સિંચાઈનો લાભ મળે છે. નદીથી ગામની છેલ્લી સરહદ સુધી નહેર ખોદેલી છે. જો બંધનું સમારકામ કરવામાં આવે તો બધુ પાણી સંગ્રહી શકાય અને ગામની મોટાભાગની જમીનને સિંચાઈનો લાભ મળે.

-o-o-o

# -:: પ્રકરણ - ૨ ::-

## -:: સામાજિક જીવન ::-

- ઘરોની રચના :-

ઘર છૂટાંછવાયાં છે. દરેકનું ઘર પોતાના ખેતરમાં છે. ઘર અને આસપાસ ખેતીની જમીન, ઘર કાચાં છે, તેની દિવાલો માટીની અને ઉપર વળીઓનું સાજ અને નળીયા હતા. ઘરની દિવાલો માટીની બનાવે છે પણ તે ફરમા ગોઠવીને બનાવેલ હોવાથી પ્રમાણમાં જાડી હોય છે. અત્યારે બનતા મકાનોમાં બે ખંડ અને એક ઓસરી છે જ્યારે પહેલા બનેલ મકાનોમાં એક ખંડ અને એક ઓસરી હતાં. મકાનની ચારે બાજુ વાંસની વાડ બનાવી વાડા જેવી બનાવે છે જેમાં માંઠવો (મંડપ) હોય છે ઘાસ ભરવાનો, તે સિવાય બકરા, કે ગાય બળદ વાડામાં બાંધી રાખે છે. કેટલીક ઘરોમાં મકાનની સાથે પશુ માટેની છાપરીઓ બનાવેલ જોવા મળે છે. ભોંયતળીયે છાણ માટીનું લીંપણ કરેલ હતું જે વર્ષમાં ૪ થી ૫ વખત છાણ માટીનું લીંપણ કરે છે. હવે છાપરાં પર દેશી નળિયાની જગ્યાએ વિલાયતી નળિયાનો ઉપયોગ વધ્યો છે. કેટલાંકને વિલાયતી નળિયા માટે સરકારી સહાય મળી છે.

ઘરમાં અંદરના ખંડમાં રાંધવા માટેનો ચૂલો હોય છે. ઓસરીમાં કે ઓસરી બહાર પાણીના માટલા મૂકવાની ઘોડી બનાવેલ હોય છે. ઘરને બારીઓ હોતી નથી. કેટલાક મકાનોમાં બારણા લાકડાના બનાવેલ છે તો કેટલાક મકાનોમાં બારણા બિલકુલ ન હોય તો કેટલાક મકાનોમાં વાંસમાંથી બારણા જેવું બનાવેલ ગોઠવી રાખે છે. નળીયા કુંભારની પાસે પડાવે છે અને મકાનમાં જરૂરી સુથારીકામ સુથારને બોલાવીને કરે છે. મકાન બનાવવા મજૂરો લાવવા પડે તો તે ગામમાંથી જ લાવે છે.

- **ખોરાક :-**

ખોરાકમાં મુખ્ય મકાઈ અને ચણા છે. તે ઉપરાંત ઘઉં, જુવાર, તુવેર, નાગલી, બંટી, કુરી વાપરે છે. શાકાહારી સિવાય માંસનો ઉપયોગ પણ એક કુટુંબ સિવાય બધા કરે છે. એક કુટુંબ ભગતનું છે, તે સિવાય બીજા કુટુંબો માછલી, મરઘું, બકરું તેમજ પાડાના માંસનો ઉપયોગ ખાવામાં કરે છે.

પાડાનું માંસ ખાતા હોવા છતાં છૂપાવવાનો ખૂબ જ પ્રયત્ન કરે છે. ગામમાં ઘણાં ઓછા લોકો હવે પાડાનું માંસ ખાય છે.

- **પહેરવેશ અને દાગીના :-**

પુરુષો ધોતીયું, પહેરણ અને માથે કપડાનો કકડો વીંટાળે છે. સ્ત્રીઓ ઘાઘરો, કબજો અને સાડલો પહેરે છે. કુવારી છોકરી ઘાઘરો, કબજો અને માથા ઉપર નાનો સાડલો ફરકતો રાખે છે. તે સિવાય માથામાં પીનો, હાથમાં કાચની કે પ્લાસ્ટીકની બંગડીઓ પહેરે છે. યુવાન છોકરાઓ પાટલૂન, ખમીસ ટીશર્ટ વગેરે પહેરતાં થયા છે.

દાગીનામાં પુરુષો કંદોરો, મરકી અને ચાંદીના બટનનો ઉપયોગ કરે છે. બધાયની પાસે ઘરેણાં હોતાં નથી.

સ્ત્રીઓ દાગીનામાં હાથમાં કાતરજુ, કાચલું, નાકમાં કાંટો, કાનમાં લવીંગીયા, ગળામાં હાંસડી, સાંકળી, પુખીયું દોરડો (ચાંદીનો) પહેરે છે. પગમાં સાંકળા પહેરે છે.

- **કુટુંબ વ્યવસ્થા :-**

કુટુંબ વ્યવસ્થા પિતૃવંશીય છે. ગામમાં કુટુંબો ૧૩ જુદા જુદા ગોત્રોમાં વહેંચાયેલા છે. જેવા કે-

(૧) બરડા (૨) નીનામા
(૩) આરોરા (૪) પરમાર
(૫) ખોખરીયા (૬) તાવિક
(૭) બારા (૮) ડામોર
(૯) ખરાડી (૧૦) કોટવાળ
(૧૧) ભગોરા (૧૨) કટારા
(૧૩) બોડાત

જુદા જુદા ગોત્રો હોવા છતાં સ્તરીકરણ નથી. બધા જ સરખા માનવામાં આવે છે. ગામમાં પોતાના ગોત્ર સિવાય લગ્ન વ્યવહાર પણ થાય છે. (તેમાં એક નિષેધ છે કે મામા-ફોઈના ગોત્રોમાં લગ્ન વ્યવહાર થતો નથી.)

બધાં કુટુંબોમાં પ્રથમ કુટુંબ બરડાનું ગામમાં આવેલ હશે, કારણ કે વારસાગત પટલાઈ બરડા કુટુંબમાં છે. ગામના બધાં કુટુંબો એકતાની લાગણી અનુભવે છે. કોઈના ઘેર લગ્ન કે મરણ પ્રસંગ હોય તો ગામના બધા જ કુટુંબો તેમાં ભાગ લે છે. આ સિવાય ઘેર બાંધકામમાં પણ એકબીજાને મદદ કરે છે.

કુટુંબ પ્રથામાં વધારે પ્રમાણ વિભક્ત કુટુંબનું જોવા મળ્યું છે. ગામના કુટુંબો જોતાં તેના પ્રકારો આ પ્રમાણે પાડી શકાય.

(૧) પતિ-પત્ની અને કુંવારા બાળકોવાળું કુટુંબ કે જેમાં યુવાન છોકરાનું લગ્ન થતાં તે જુદો રહે છે.

(૨) વિધવા હોય અને તેને ચાર જેટલા છોકરા થયા હોય તો તે બીજું લગ્ન કરતાં પોતાના છોકરાઓ સાથે જ રહે છે.

(૩) કેટલાક કુટુંબોમાં પુરુષ લગ્ન કર્યા સિવાય (વિધિપૂર્વક લગ્ન કર્યા સિવાય) કોઈ સ્ત્રીને પોતાના ઘરમાં રાખી તે સ્ત્રીના આગળના પતિનાં છોકરા પણ સાથે રાખી નવીન પતિના ઘરમાં રહે છે.

(૪) એક કુટુંબમાં એક પુરુષની બે પત્નીઓની સાથે જ બંનેના બાળકો સાથે રહેતા હોય છે.

(૫) કોઈ કુટુંબમાં પુત્ર ન હોય અને પુત્રી હોય તો ઘરજમાઈ તરીકે 'જમાઈ'ને રાખીને રહે છે. (અહીં બે કુટુંબ એવા છે કે પુત્ર છે છતાં જમાઈના ઘરવાળા સાથે જમાઈને ઝઘડો થયો હોવાથી સસરામાં સસરાની સાથે રહે છે.)

(૬) નિઃસંતાન કુટુંબમાં માત્ર પતિ-પત્ની બેજ રહે છે. બેત્રણ કુટુંબ નિઃસંતાન છે. જે પોતાના ઢોર ચરાવવા માટે ગામમાંથી કોઈ કુટુંબમાંથી નાના છોકરા કે છોકરીને 'ગોવાળ' તરીકે સાથે જ રાખે છે.

(૭) ગ્રુ સંયુક્ત કુટુંબ પણ છે કે જેમાં મા-બાપ, પત્ની, પુત્ર, ભાઈ-ભાભી વગેરે સાથે રહેતા હોય છે.

- <u>રીતરિવાજો</u> :-

જન્મ બાલ્યાવસ્થા રજસ્વલા સ્ત્રી

રજસ્વલા સ્ત્રીને 'ઘરમમાં છે' એમ કહેવામાં આવે છે. જ્યારે સ્ત્રી 'ઘરમમાં' હોય ત્યારે સાત દિવસે માથુ ધૂએ છે. તે રાંધવાનું કરતી નથી તેમજ જાતિય સંબંધ પણ તે દિવસોમાં તેની સાથે રાખતા નથી. સ્ત્રીને ગર્ભ કંઈ રીતે ઓળખાય છે તે અંગે લગભગ ૯૦ ટકા પુરુષોને પ્રશ્ન પૂછવાથી જાણી શકાયું છે કે ગર્ભ 'પેટ ઉંચે આવે ત્યારે' ઓળખાય છે કે જાણી શકાય છે. અથવા સ્ત્રી કહે ત્યારે. તો અહીં તાર્કીક રીતે કહી શકાય કે પુરુષો સ્ત્રી 'ઘરમમાં' આવે ત્યારે તેનાથી અજ્ઞાન હશે કે પછી ગર્ભ રહયા બાદ સ્ત્રી 'ઘરમમાં' નથી આવતી તે વસ્તુથી અજ્ઞાન હશે. અથવા ઘરમમાં આવે અને તેના 'આચાર-વિચારો' હિંદુઓના સંપર્કથી પાળતા હોય કે બહારની વ્યક્તિને કહે તેથી પોતે નીચેની કોટિના ન ગણાય.)

ગર્ભ રહે ત્યાંથી બાળક મોટી ઉંમરનું થાય ત્યાં સુધી કોઈ પ્રકારની વિધિ કરતા નથી. માત્ર કોઈએ માનતા રાખી હોય, પુત્ર આવવા બદલ તો તે માનતા કરે છે. છોકરી કરતા છોકરો અવતરે તો સારું એવી માન્યતા વધારે છે. તેનું કારણ એ છે કે છોકરો મોટો થઈ બવડાવે ત્યારે છોકરી તો પારકા ઘેર

- <u>પ્રસૂતિ</u> :-

સુવાવડ સમયે પોતાની જ જાતની ગામની દાઈને બોલાવે છે. તેને ૨૫ રૂા. કે બુબજો અને ખાવાનું આપે છે. આજથી વીસ વરસ પહેલાં માત્ર એક રૂપિયો આપતાં. સાતમા દિવસે સુવાવડી સ્ત્રીને નવડાવવામાં આવે છે. સુવાવડ સમયે ખોરાકમાં ઘી, ગોળ અને ઘઉં આપવામાં આવે છે. સુવાવડ બાદ તરત જ તેના શરીરે દારુ ઘસવામાં આવે છે. તેને પીવા માટે બે દિવસ અપાય છે. બાળકની નાળ ચપ્પાથી તોડવામાં આવે છે. બાળકનું નામ ગરોડા અથવા ગામના ભગત પાડે છે.

બાળક સાત વર્ષનું થયા બાદ અત્યારે કેટલાક કુટુંબો નિશાળે મોકલે છે. પણ તે સિવાયના બાળકો ઢોર ચરાવવા માટે જંગલમાં ગોવાળ તરીકે જાય છે. અથવા માતા-પિતા જંગલ જાય તો નાના ભાઈઓ તથા ભાન્ડુઓને રાખે છે.

- <u>લગ્ન</u> :-

લગ્નની ઉંમર ૧૬ થી ૨૨ વર્ષની ગણવામાં આવે છે.

- <u>લગ્નના પ્રકારો</u> :-

અહીં એક પત્નીત્વ અને બહુપત્નીત્વ બંને લગ્નો જોવા મળે છે. લગ્ન પ્રકારોમાં (૧) માબાપની પસંદગીના (૨) માબાપની પસંદગી પણ છોકરા કે છોકરીની પસંદગી આવશ્યક ગણાય તેવા (૩) ખેંચી લાવીને કરેલ લગ્ન (૪) નાસી જઈને કરેલ લગ્ન (૫) સાટા લગ્ન

લગ્નના ઉપર પ્રમાણે પ્રકારો જોવા મળ્યા છે. પણ આ લગ્નમાં મામા-ફોઈના ગોત્રમાંથી કન્યા લાવવામાં આવતી નથી. તે સિવાય ગામમાં અને ગામ બહાર પોતાની જાતિમાં લગ્નો થઈ શકે છે. લગ્ન માટે પ્રથમ સગાઈ કરવામાં આવે છે.

- **વિવાહ :-**

વિવાહ (સગાઈ) કરાવવા માટે વચ્ચે એક મધ્યસ્થી હોય છે. જેને વડહાળી કહેવામાં આવે છે. તે વાત નકકી કરીને આવે બાદ છોકરાના પિતા જોઈ આવે બાદ છોકરો અને બે માણસો જઈને પસંદ કરી આવે. પસંદ કરવામાં કન્યા અને જોવા જનાર બંને વાતચીતો કરતા નથી પણ એકબીજાને જુવે છે. પછી પસંદગી વિશેની મત આપી ઘેર જાય છે. ઘેર આવ્યા બાદ અમુક દિવસે લગ્ન છે એમ સંદેશો કહેવરાવે છે.

- **જાન :-**

તિથિ નકકી કર્યા મુજબ તે દિવસે જાન જાય છે. તેમાં ગામના બધા કુટુંબોને આમંત્રણ આપવામાં આવે છે. આ આમંત્રણમાં ચોખા હળદરવાળા કરી દરેકને ઘેર મૂકી આવે છે. (ઉમરા ઉપર મૂકવામાં આવે છે.) આમંત્રણ મળવાથી ગામના લોકો જાનની સાથે જાય છે. તેમાં ૫૦ થી માંડી ૨૦૦ વ્યકિતઓ સુધી જાય છે. સ્ત્રી, પુરુષો, બાળકો જાન ચાલતી જ જાય છે. ઢોલ વગાડતા વગાડતા અને ગાતા ગાતા જાય છે. પ્રથમ પુરુષો ગીત ગાય, બાદમાં સ્ત્રીઓ ગીત ગાય છે. જાન ગામના પાદરે પહોંચતા ગામના ૧૦ જેટલા વડિલો સામે આવીને મળે છે. એકબીજાને રામ રામ કરીને ચાલ્યા જાય છે. જાનનો ઉતારો ગામ બહાર એક ઝાડ નીચે આપવામાં આવે છે. ખાવા માટે દરેકે પોતપોતાના ત્યાંથી લઈ જાય છે. કન્યાને ઘેર વાંસ અને ગુગળના લાકડા રોપી મંડપ બનાવેલ હોય છે. સાંજે લગ્ન કરવા માટે જાનને બોલાવે છે, જયારે માંઠવે લોકો જાય ત્યારે તેને તેની સાસુ વધાવે છે. પછી મંડપમાં આવે છે. મંડપમાં એક ગાદલુ નાખેલ હોય જેના ઉપર લાડાને બેસાડી કન્યાને લાવવામાં આવે છે. કન્યાના આવ્યા બાદ એક અનુભવી માણસ બંનેના છેડા બાંધી સાત ફેરા ફેરવે છે. આ સમયે વરપક્ષવાળા અને કન્યાપક્ષવાળા નાચતા હોય છે. દાપુ આ સમયે લેવામાં આવે છે. લગ્નવિધિ પૂરી થયા બાદ જાન ઉતારે આવીને પોતાને ગામ જવા

તૈયાર થાય છે. ગામમાં કોઈ પોતાના ગામની કુંવાસી (ગામની છોકરી) હોય તો તે જાનને રોકે છે. તે જાનને એક બકરુ આપે છે. આ કુંવાસીને વરપક્ષ તરફથી એક સાડલો અને જમાઈને ધોતિયું આપવામાં આવે છે. જાનની સાથે કન્યાને મોકલવામાં આવતી નથી પણ બેચાર દિવસ બાદ કન્યાપક્ષના ૧૦ જેટલા માણસો કન્યાને લઈને આવે છે. તે દિવસે કન્યા આવીને પાણીનું બેડુ ભરવા જાય છે. પાણીનું બેડુ ભરીને આવે ત્યારે તે બેડુ તેનો પતિ ઉતરાવે છે. તે બાદ કન્યા તે પાણીમાંથી લોટો ભરીને પ્રથમ પોતાના પતિને પીવા આપે પછી પતિ કન્યાને પીવા આપે ત્યારબાદ કન્યા તે માટલામાંથી સાસુ, સસરા, નણંદ, દિયર વગેરેને પાણી આપે છે. આ વિધિ બાદ કન્યા પોતાના પિયર પાછી જાય છે. પછી પાંચમા દિવસે પાંચ માણસો આણા ઉપર કન્યાને તેડી આવે છે. પછી કન્યા સાસરામાં રહે છે.

(લગ્નમાં દાપુ નકકી કરેલ છે ૮૫ રૂપિયા, એક સોનાનો કાંટો( નાકમાં પહેરવાનો) અને ૬૦ તોલા ચાંદી, પણ રાજસ્થાનમાંથી કન્યા લાવે અથવા આવે તો ત્યાં દાપુ નકકી નથી એટલે ૧૦૦ થી ૨૦૦ સુધી આપવા લેવાના વહેવારો છે.) લગ્નમાં રૂા. ચાર હજારથી પાંચ હજાર જેટલો ખર્ચ થાય છે.

– <u>સાળીવટુ</u> :-

પત્નીનું મૃત્યુ થાય અને પત્નીની નાની બહેન કુવારી હોય તો તેની સાથે લગ્ન થઈ શકે છે.

– <u>દિયરવટુ</u> :-

મોટો ભાઈ મરી જાય તો અને તેની પત્નીની ઉંમર બહુ મોટી ન હોય તો અથવા છોકરા કે છોકરી વધારે ન હોય અને નાનોભાઈ કુંવારો કે પરિણિત હોય પણ તેની ઈચ્છા હોય તો તે તેની ભાભીને ઘરમાં બેસાડી શકે છે. આ લગ્ન વિધિસર કરવામાં આવતું નથી પણ ઘરમાં બેસાડવામાં આવે છે.

- <u>છૂટાછેડા</u> :-

પતિ કે પત્ની બંનેમાંથી એકબીજાની ઈચ્છા સાથે રહેવાની ન હોય તો બંને એકબીજાથી છૂટા થઈ શકે છે. છૂટાછેડા ખૂબ સહેલાઈથી મળી શકે છે. તેમાં જાતિ પંચનો મોટો ભાગ છે. જાતિપંચના નિયમોનુસાર દંડ કે દાપુ પાછુ આપીને છૂટા થાય છે. દા.ત. પત્નીને રાખવી ન હોય તો પત્નીને કાઢી મૂકે તો પતિને તેના દાપાની રકમ પાછી મળતી નથી પણ પત્ની નાસી જાય કે તેના બાપના ઘેર જતી રહે અને તે તેના પતિ સાથે રહેવા ઈચ્છતી ન હોય તો તેના પતિએ ભરેલ દાપું પાછું આપવું પડે છે. આ દાપુ જયારે તે કન્યાને બીજું લગ્ન થાય ત્યારે જ મળે. આમ દાપુ પાછું આપે એટલે છૂટાછેડા.

- <u>પુર્નલગ્ન</u> :-

છૂટાછેડા લીધેલ સ્ત્રી કે પુરુષ બીજી સ્ત્રી સાથે લગ્ન કરી શકે છે. છૂટાછેડા લીધેલ પુરુષને કુવારી કન્યા લગ્ન કરવા મળી શકે છે. પણ છૂટાછેડા લીધેલ સ્ત્રીને ભાગ્યે જ કુંવારો પુરુષ મળી શકે છે.

વિધવા કે વિધુર પણ પુનઃલગ્ન કરી શકે છે. વિધુર કુવારી કન્યા સાથે લગ્ન કરી શકે ને વિધવા સાથે પણ, ખાસ કરીને વિધુર અને વિધવા એકબીજાની સાથે જોડાય છે કારણ કે કુંવારી સ્ત્રી કદાચ જ મળે માટે વિધુર વિધવાને ઘરમાં લાવી શકે. વિધિસરનું લગ્ન થતું નથી. વિધવા સ્ત્રી કુવારા પુરુષ સાથે લગ્ન કરી શકે નહિ. પણ વિધુરના ઘરમાં જઈ શકે. એ પણ વિધિસરના લગ્નથી નહીં માત્ર તેના ઘેર જાય, લગ્ન જેવી વિધિ કરવામાં આવતી નથી. વિધવા પુનઃ લગ્ન કરે અને તેમાં છોકરા હોય તો તે પોતાની સાથે લઈ જાય છે.

- <u>મૃત્યુ</u> :-

મૃત્યુ બાદ તેના મૃતદેહને બાળવામાં આવે છે. જો ભગત હોય તો તેના મૃતદેહને દાટવામાં આવે છે.

મૃતદેહને ઉપાડીને લઈ જવા માટે ગામના માણસો બધા ભેગા થાય છે. બાદ તેને લઈ જઈને દફનાવી દે છે. મૃત્યુ પછી ૧૨ દિવસ સુધી ગામના અને સગાસંબંધીઓ રોવા માટે આવે છે. ૧૨ મા દિવસે નજીકના કુટુંબીઓ 'હુટકારુ' કરે છે. (હુટકારુ એટલે મૂછ અને માથુ મુંડાવી નાખવું તે) તેજ દિવસે બારમુ કરવામાં આવે છે. બારમામાં ગામના અને સગાસંબંધીઓને આમંત્રણ અપાય છે. તે સમયે મકાઈનું જોડકું બનાવે છે. સ્ત્રીના મૃત્યુ બાદ ૧૧મા દિવસે અગિયારમું અને 'હુટકારુ' કરે છે. નાનું બાળક મરી ગયું હોય તો નાના છોકરાને ખવડાવે અથવા દૂધ પાય છે.

મોટા માણસનો શોક ૧૧ કે ૧૨ દિવસ એ લોકો પાળે છે પણ તેઓ એક વર્ષ સુધીના તહેવારો (તેમનું કુટુંબ) ઉજવતું નથી.

મૃત્યુ વિશેની એમની માન્યતા એવી છે કે જીવ જતો રહેવાથી મરી જાય છે. પણ મૃત્યુ બાદ શું થાય છે તે જાણતા નથી તેમજ તેનો પુનઃજન્મ થાય છે કે નહિ તે વિશે પણ કંઈ જાણતા નથી.

- <u>જાતિપંચ</u> :-

સામાજિક સંગઠનને ટકાવી રાખવામાં જાતિપંચનો ભાગ જોવા મળે છે. જાતિપંચ એ બનાવેલ નિયમો અનુસાર જ ચાલે છે. આ નિયમો તોડનારને બહિષ્કાર અથવા તેના જેવી આકરી સજાઓ પણ કરે છે. આ ભયને લીધે સામાજિક સંગઠન મજબૂત બને છે.

'સમસ્ત ગરાસિયા પંચ'માં મોટા પંચો આવેલા છે. આવા પેટા પંચો મળીને ગરાસિયા પંચ બને છે. આ પંચના સભ્યો પસંદગીના ધોરણે નિયુક્ત કરેલ છે. જેમાં ખાસ કરીને અનુભવી, વડીલ હોય તે, ગામમાં ઝઘડાઓનો ન્યાય કરનાર ગામપંચ હોય છે જેમાં ગામના આગેવાન ગણાતા અને અનુભવીને

વડીલ માણસો ન્યાય કરી યોગ્ય સૂચનો આપે છે. જાતિપંચોનો સંબંધ સામાજિક બાબતો પૂરતો જ છે. તેમાં બનાવેલ નિયમોનો કોઈ ભંગ કરે અને સમાજમાં અવ્યવસ્થા કે અરાજકતા ઊભી ન થાય તે માટે તે વ્યકિતને યોગ્ય દંડ કરી સામાજિક સંગઠન ટકાવી રાખે છે.

દા.ત. ગામમાંથી કોઈ વ્યકિત બીજાની પત્નીને લઈને નાસી જાય તો પંચ પહેલાં તેનો ૬૦૦ રૂપિયા દંડ કરતા. હવે રૂા. ૫૦૦૦/- દંડ લે છે. અને પત્નીને પાછી આપી દે તો ૧૦૦૦ રૂપિયા દંડ કરે છે. આમ આકરા દંડ કરી સમાજમાં વ્યકિતઓને પરંપરાગતતાના માળખામાં બાંધી રાખી સુસંવાદિતા રાખે છે.

- જાતિય સંબંધ :-

કુંવારા છોકરા-છોકરીઓમાં જાતીય સંબંધની છૂટછાટ જોવા મળે છે. તેઓના સંબંધો હોય તો તે તરફ આંખ આડા કાન કરવામાં આવે છે. તે સંબંધો તેમના માટે સ્વાભાવિક ગણે છે. તેના બીજા સમાજોની માફક મોટું રૂપ આપી દેતા નથી. કદાચ છોકરીને ગર્ભ રહે તો તેની સાથે તે છોકરો લગ્ન કરી લે અથવા તો તેને દૂરના ગામમાં લગ્ન કરી દેવામાં આવે છે. આ સિવાય તેમનામાં પરણિત સ્ત્રી કોઈની સાથે જાતિય સંબંધ બાંધે અને તેના પતિને જાણ થાય તો તેમાંથી ઝઘડા અને મારામારી થાય પણ તેમાં તેનો પતિ જો ચલાવી લે તો બીજાઓ કંઈ વાંધો લેતા નથી.

- ધાર્મિક જીવન :-

આભાપુરના આદિવાસીઓમાં 'આત્મવાદ' દેખાઈ આવે છે. હિંદુ ધર્મની થોડીક થોડીક અસર દેખાય છે. પણ તે માત્ર હિંદુઓના બે-ત્રણ દેવ-દેવીઓને પૂજે છે. એ તો માત્ર તેમના દેવોમાં હિંદુઓના બે-ત્રણ દેવ-દેવીઓનો વધારો થયેલ છે. એ સિવાય હિંદુ ધર્મની અસર તેમના દેવ-દેવીઓમાં દેખાતી નથી. તેઓ ઉત્સવમાં દશેરા, દિવાળી, હોળી, ઉત્તરાયણ, નવરાત્રી મનાવે છે.

- દશેરા :-

દશેરાના દિવસે પોતાની કુળદેવીની માનતા કરે છે. જેમ કે 'નીનામા' ગોત્રની કુળદેવી 'જુવેર' છે, તે માતાને બકરુ ચડાવવામાં આવે છે. હવે મોંઘવારીને કારણે બકરાની જગ્યાએ શ્રીફળથી ચલાવે છે.

- દિવાળી :-

દિવાળીમાં ઉત્સવમાં હિંદુઓ જેટલી ધામધૂમ નહીં પણ માત્ર એક તહેવાર છે તે રીતે તેને ઉજવે છે. દિવાળીના દિવસે ગામ લોકો એકઠા થાય છે અને 'ભીમખેડીયા દેવ'ની માનતા કરે છે. દર દિવાળીએ તે ડુંગર ઉપર ચડીને 'ધજા' રોપે છે. અને ગામમાંથી પૈસા ઉઘરાવી બે બકરા લાવી તેનો વધ કરે છે અને તેની પ્રસાદી દરેક ઘેર આપવામાં આવે છે.

- હોળી :-

તહેવારોમાં હોળીનો તહેવાર ખૂબ જ મસ્તીથી ઉજવવામાં આવે છે. હોળીના દિવસે ગામ લોકો એક જગ્યાએ એકઠા થઈને સ્ત્રી-પુરુષો નાચે છે. તે દિવસે રાત્રી દરમિયાન દારુ પી નાચ્યા કરે છે. હોળીના દિવસે દરેક મરઘુ કે બકરુ વધેરે છે અને નવા કપડાં પહેરે છે.

- ઉતરાયણ :-

ઉતરાયણ પોષ માસના પ્રથમ શુક્રવારે મનાવવામાં આવે છે. ઉતરાયણના દિવસે સવારમાંથી જ યુવાનો 'દેવચકલી' પકડવા નીકળી પડે છે. નાની નાની ટોળી બની દરેક ટોળી એક એક ચકલીને પહેલા નજરમાં રાખી તેને ખૂબ દોડાવે છે. વારંવાર ડાડતા હોવાથી આતરે તે ચકલી થાકીને નીચે બેસવાથી તેને પકડી લાવે છે. આમ પકડેલ દેવચકલીને મુખીને ઘેર લાવવામાં આવે છે. ત્યાં દેવચકલીઓને તલ અને ઘી ખવડાવી તેમાંથી એક ચકલીને ઉડાડવામાં આવે છે. દેવચકલી ધરતી કે લીલા ઝાડ ઉપર બેસે તો એ વર્ષ સારું આવશે એમ માનવામાં

આવે છે. અને દેવચકલી સૂકા ઝાડ ઉપર બેસે તો વર્ષ (આગામી વર્ષ) દુકાળ પડશે એમ માનવામાં આવે છે. આ સિવાયની બીજી દેવચકલીઓ મુખ્ય માણસોના ઘેરથી ઉડાવવામાં આવે છે પણ મહત્વ મુખીના ઘેરથી ઉડાડેલ ચકલીનું અંકાય છે. ચકલી પકડી લાવનાર ટોળા જેના ઘેર દેવચકલી લઈ ગયા હોય તે ટોળાના માણસોને રોટલા ખવડાવે છે પછી બપોરે દડાથી ગામના માણસો ભેગા થઈ સાંજ સુધી રમે છે. આ દડો ચમાર બનાવી આપે છે. જે દડામાં ચામડું અને અંદર ફાટેલા કપડાxx નાંખીને બનાવેલ હોય છે. બે ટુકડીઓ બની દડાથી રમે છે. સાંજે ઢોલ વાગે ત્યારે બધા સ્ત્રી-પુરુષો ભેગા થાય છે અને પછી ગોળાકારમાં પહેલી લાઈન પુરુષોની અને બીજી લાઈન સ્ત્રીઓની એમ ગોઠવાય છે. તેમાં પુરુષો પ્રથમ ગાય પછી સ્ત્રીઓ ગાય છે.

- <u>નવરાત્રી</u> :-

નવરાત્રીમાં 'ભુવા'ઓ પોતાની દેવીઓની માનતા કરે છે.

- <u>દેવદેવીઓ</u> :-

દેવદેવીઓમાં નુકશાન કરતા અને ભલુ કરતા એમ બે પ્રકારના દેવદેવીઓને માને છે. જે દેવ નુકસાન કરે તેવા હોય તેને પ્રસન્ન રાખવા બકરા કે મરઘાનું બલિદાન આપે છે. હવે માત્ર શ્રીફળથી ચલાવે છે. અને તે સિવાયના દેવ-દેવીઓને મીઠી પૂજા એટલે ચુરમુ અને શ્રીફળ ચડાવવામાં આવે છે.

- <u>ભીમખેડીયા દેવ</u> :-

ભીમખેડીયા ડુંગર ઉપર તેનું સ્થાનક છે. તેની પૂજા દિવાળીમાં કરે છે. તેના સ્થાનકે ધજા ચડાવી ગામલોક સમૂહમાં પૈસા એકત્ર કરી બે બકરા ચડાવે છે તે સમયે ગામના 'ભુવા' એકઠા થઈને ધૂણે છે.

- **ઝાંપા દેવ :-**

ઝાંપા દેવનું સ્થાનક દરેક ઘરના ઝાંપામાં હોય છે. બાર મહિને એક દિવસ તેની પૂજા કરી શ્રીફળ વધેરવામાં આવે છે. ઝાંપાદેવની પૂજા કરવાથી ઘરમાં ડાકણ કે બિમારી આવતી ઝાપાંમાંથી જ આ દેવ રોકી રાખે છે એમ માનવામાં આવે છે.

- **ઝાંપડી :-**

ઝાંપડી દેવીનું સ્થાનક ઘરમાં ભીંત ઉપર રાખવામાં આવે છે. જ્યાં સ્થાનક હોય ત્યાં લાલ ચંદરવો બાંધે છે. અને નાની મોટી બાબતોમાં તેની માનતા રાખે છે. આ દેવીને એક વર્ષે મરઘુ અને બીજા વર્ષે બકરુ ચડાવવામાં આવે છે. પહેલાં બકરુ ચડાવતા હવે મોંઘવારીને લીધે શ્રીફળથી ચલાવે છે.

- **પાદર દેવી :-**

પાદર દેવીને ધરતી દેવી પણ કહે છે. આ દેવીની મીઠી પૂજા કરવામાં આવે છે. (આ દેવીને માટીના ઘોડા ચડાવવામાં આવે છે.) જ્યારે મકાઈ પાકી જાય તે પછી ગામ લોકો ભેગા થઈને પાદરદેવીના સ્થાનકે જાય છે. તેનું સ્થાનક હરણાવ નદીના કિનારે આવેલ ડુંગરની એક ગુફામાં છે. ગામ લોકોની સાથે મુખી મકાઈના પાંચ ડોડા અને મકાઈમાંથી બનાવેલ ટોઠા (મકાઈને બાફીને બનાવે છે) તેમજ દેવીનો દીવો લઈ જાય છે. તે ત્યાં ગયા બાદ દેવીના સ્થાનકે મકાઈના ડોડાઓ અને ટોઠા ચડાવે છે. પછી પુરુષો-સ્ત્રીઓ ગીતો ગાય છે અને નાચે છે.

- **શીતળા :-**

શીતળાની પૂજા શીતળા સાતમને દિવસે કરે છે. ગામને શીતળામાંથી મુક્ત રાખવા માટે તે દિવસે મીઠી પૂજા કરવામાં આવે છે.

- મમેશ્વરી દેવી :-

તેનું સ્થાનક પણ ડુંગરમાં છે. તેની આગળ બાર મહિને એક વખત મરઘુ વધેરવામાં આવે છે. આ સિવાય કોઈની માનતા હોય તો તે આ દેવીને માટીના ઘોડા ચડાવે છે.

- ભૈરવ :-

ભૈરવીની પણ પૂજા કરે છે. તેને બકરું કે મરઘું ચડાવે છે.

- ડાકણ :-

જીવતી સ્ત્રીને ડાકણ માનવામાં આવે છે. આ ડાકણની નજર કોઈને લાગી જાય તો તે વ્યક્તિનું મરણ થાય છે એમ માનવામાં આવે છે. આ ડાકણ કોઈ પણ વ્યક્તિ કે સારી વસ્તુ કે ઢોરને પણ વળગે છે. તેનો વળગાડ ખૂબ જ ખતરનાક માનવામાં આવે છે. તેમાંથી બચવા ભૂવા પાસે જાય છે. ભૂવો ધૂણે છે અને લોખંડમાંથી બનાવેલ સાંકળો મારે છે, તેમજ બાધાઓ આપે છે.

ધાર્મિક જીવનમાં અગત્યનો ભાગ ભજવનાર ભૂવાને ગણવામાં આવે છે. ભૂવો સામાજિક ડોક્ટર તરીકેનું કાર્ય કરે છે. ગામમાં કોઈ બિમાર થાય, ઢોર દૂધ ન આપે કે માંદુ થાય, કંઈ ખરાબ ઘટના બને કે ડાકણ વળગે તો ભૂવાને બોલાવે છે. ભૂવો ધૂણે છે અને બાધાઓ આપે છે. ગામમાં ત્રણ ભૂવાઓ છે. એક ભૈરવનો ભૂવો છે, એક ઝાંપડીનો અને એક ભૂવો મેલડીનો છે. આ દરેક ભૂવાને ત્યાં પોતાના દેવના સ્થાનકો છે અને તેમની પાસે લોઢાની સાંકળો મારવા માટે છે. કોઈની બિમારીમાં ડોક્ટરને ત્યાં ન જતાં પ્રથમ ભૂવાની જ સલાહ લેવામાં આવે છે. આમ ગામમાં ધાર્મિક ક્ષેત્રે ભૂવાનું સ્થાન અગત્યનું ગણાય છે.

ડાકણને માને છે પણ ડાકણ કોણ છે તે જાણી શકાતું નથી. કદાચ જણાય તો તેનું નામ લેવાની હિંમત ચાલતી નથી કારણ કે ડાકણ મેલી વિદ્યા જાણે છે એમ માની લોકો તેનાથી ડરે છે.

- **શિક્ષણ :-**

ગામમાં પહેલી તપાસ સમયે ૧૯૬૯માં ૧ થી ૪ ધોરણની શાળાનું પોતાનું મકાન હતું. શાળા જિલ્લા પંચાયત ધ્વારા ચલાવવામાં આવતી હતી. ગામમાં શાળાની શરૂઆત ૧૫-૭-૬૩ના રોજ થઈ હતી. આ શાળાની સ્થાપના કરવામાં શારણેશ્વરના મહંતનો નોંધપાત્ર ફાળો હતો. પહેલી તપાસ સમયે શાળામાં એક શિક્ષક હતા. શિક્ષક આભાપુરમા જ વતની હતા. શિક્ષક ગામના અને આદિવાસી હોવાને કારણે શાળા વ્યવસ્થિત ચાલતી હતી. ૧૯૬૯ની તપાસ સમયે ગામની શાળામાં કુલ ૫૪ બાળકો ભણતાં હતાં. જેમાથી ૧૯ છોકરીઓ હતી. વધુ અભ્યાસ માટે ગામના છોકરાઓ આંતરસુબા આશ્રમશાળામાં જતાં હતાં.

૧૯૮૯ની તપાસ સમયે ગામમાં ૧ થી ૭ ધોરણની શાળા હતી. આ શાળામાં તે સમયે કુલ ૧૬૯ બાળકો ભણતાં હતાં. જેમાંથી ૭૪ છોકરીઓ હતી. ૧૬૯ બાળકોમાંથી ૧૧૩ બાળકો ગામનાં જ હતાં. જ્યારે બાકીના બાળકો આજુબાજુના ગામો બંધણા, ધોળીવાવ અને રાજસ્થાનના આમલીવા, ઠેચા અને ધાંટીયા ગામમાંથી આવતાં હતાં. શાળામાં કુલ ૭ શિક્ષકો હતાં. જેમાંથી ૫ બહેનો અને બે ભાઈઓ હતા. બે બહેનો અનુસૂચિત જાતિની અને એક આદિવાસી શિક્ષક હતા. ગામની શાળામાં ધોરણવાર વિદ્યાર્થીઓની સંખ્યા નીચે મુજબ હતી.

| ધોરણ | કુમાર | કન્યા | કુલ |
|---|---|---|---|
| ધોરણ-૧ | ૧૧ | ૧૬ | ૨૭ |
| ધોરણ-૨ | ૨૪ | ૧૯ | ૪૩ |
| ધોરણ-૩ | ૧૩ | ૧૧ | ૨૪ |
| ધોરણ-૪ | ૧૩ | ૧૦ | ૨૩ |
| ધોરણ-૫ | ૧૧ | ૮ | ૧૯ |
| ધોરણ-૬ | ૧૪ | ૭ | ૨૧ |
| ધોરણ-૭ | ૯ | ૩ | ૧૨ |
| [illegible] | ૯૫ | ૭૪ | ૧૬૯ |

આ સિવાય ગામની પાસે શારણેશ્વર મંદિર આગળ લોકભારતી આશ્રમશાળા ધોરણ ત્રણની આવેલી છે. જેની સ્થાપના ૧૯૮૭માં થઈ હતી. આ આશ્રમશાળામાં બે શિક્ષકો હતા અને આશ્રમશાળા ભાડાના મકાનમાં ચાલે છે. આશ્રમશાળામાં કુલ ૭૩ વિધાર્થીઓ હતાં. જેમાથી ૪૩ છોકરીઓ હતી. કુલ ૭૩ બાળકોમાંથી ૩૧ બાળકો આભાપુર ગામના ભણતાં હતાં.

આમ ગામમાં છેલ્લા વીસ વરસમાં શિક્ષણની સુવિધા વધી હતી અને શિક્ષણની સુવિધાની સાથોસાથ ગામના આદિવાસી લોકોને ભણતરની કિંમત સમજાઈ હતી. તેઓ તેમના બાળકોને ગામની તેમજ આશ્રમશાળામાં ભણવા માટે મોકલતા હતાં. આમ શિક્ષણ ક્ષેત્રે ગામમાં ઘણું મોટું પરિવર્તન જોવા મળ્યું હતું.

# -:: પ્ર ક ર ણ - ૩ ::-

## -:: આભાપુર : ૧૯૬૯ - ૧૯૭૯ તુલનાત્મક સ્થિતિ ::-

૧૯૬૯માં આદિવાસી સંશોધન કેન્દ્ર તરફથી આભાપુર ગામની આર્થિક તેમજ સામાજિક તપાસ હાથ ધરવામાં આવી હતી. ૧૯૬૯માં આ ગામના બધા પાસાઓનો પૂરેપૂરો અભ્યાસ કરવામાં આવ્યો હતો. તે પછીના દસકામાં આદિવાસી ઉત્થાન માટે અનેક યોજનાઓ ખાસ કરીને આદિવાસી વિકાસ પેટા યોજનાઓના નેજા હેઠળ હાથ ધરવામાં આવી હતી. કોઈપણ યોજના ખરેખર સફળ થઈ છે કે નહિ તેનો અંદાજ મેળવવા માટે તે યોજનાઓના અમલ દરમિયાન જ થોડા થોડા સમયને અંતરે મોજણી કરવી જરૂરી છે. કાંઈક આ ખ્યાલથી જ આ સંસ્થા તરફથી આ ગામોની પુનઃમોજણી હાથ ધરવાનું વિચારાયું. ૧૯૬૯માં જે આદિવાસી કુટુંબોને તપાસ હેઠળ આવરી લેવાયા હતા એ જ કુટુંબોનો આ દસકા દરમિયાન શું વિકાસ થયો એ ૧૯૭૯ની પુનઃમોજણીનું મુખ્ય પ્રયોજન હતું. ૧૯૬૯માં કુલ ૪૧ કુટુંબોની મોજણી કરવામાં આવી હતી પણ ૧૯૭૯માં તેમાંથી માત્ર ૩૦ કુટુંબો અંગેની માહિતી મેળવવાનું શક્ય બન્યું હતું.

આભાપુરમાં ગરાસિયાઓ બીજા આદિવાસીઓની જેમ છૂટાછવાયા ઝુંપડાઓ બાંધી રહે છે. તેઓના ઝુંપડા થોડા થોડા અંતરે જોવા મળતા હતા. તેમના ઘરની દિવાલો મોટેભાગે માટીની હતી. ઘરની ફ્રેમ બનાવવામાં વાંસનો ઉપયોગ કરે છે. બંને તપાસ સમયે ગામના લોકોનો મુખ્ય ધંધો ખેતીનો હતો. તેમની જીવનદોરી ખેતી છે અને મોટાભાગની આવક ખેતીમાંથી મેળવે છે. દરેક કુટુંબ પાસે થોડી ઘણી જમીન જોવા મળતી હતી. મોટા ખાતેદારો બહુ ઓછા હતા. ઘણા ખરા કુટુંબો પોતપોતાની જમીન ખેડતા, ભાડે આપતા નથી. આભાપુર ગામની જમીન આજુબાજુના ગામ જેટલી ફળદ્રુપ નથી. મોટાભાગની જમીન મધ્યમ, કાળી છે. તેઓ મોટેભાગે મકાઈનું વાવેતર કરતા હતા. આ ઉપરાંત

ડાંગર, બંટી, કુરી, સામલી વગેરેનું પણ વાવેતર કરતાં શિયાળુ પાકમાં મુખ્યત્વે ઘઉં અને ચણાનું વાવેતર કરવામાં આવતું. આવકના બીજા સાધનોનો વિચાર કરીએ તો ખેતમજૂરી, જંગલ મજૂરી, વન્ય પેદાશો, પશુપાલનમાંથી થતી આવક, ગૃહઉદ્યોગ, અન્ય આવક જેમ કે નોકરીમાંથી થોડી ઘણી આવક થતી.

૧૯૬૯માં જ્યારે તપાસ હાથ ધરવામાં આવી હતી ત્યારે ૪૧ કુટુંબ આદિવાસીનાં હતાં. ત્રણ કુટુંબ અનુસૂચિત જાતિના હતા અને એક કુટુંબ પઠાણનું હતું. તપાસેલ કુટુંબની કુલ વસતિ ૨૮૬ હતી. જેમાં પુરુષો ૧૩૬, સ્ત્રીઓ ૧૫૦ હતી. ૧૯૭૯માં કુલ વસતિ ૪૨૦ની થઈ હતી. જેમાં પુરુષો ૨૦૬ અને સ્ત્રીઓ ૨૧૪ છે. કુટુંબની કુલ સંખ્યા ૭૫ હતી. તેમાં આદિવાસી કુટુંબ ૬૯ હતા. અનુસૂચિત જાતિના ૩ અને બિન આદિવાસી જાતિના ૩ કુટુંબો હતાં. ગામમાં બાલવાડી અને પ્રાથમિક શાળા હતી. પણ માધ્યમિક શાળા નથી. ગામમાં વીજળી છે પણ વોટરવર્ક્સ નથી. ગામમાં દવાખાનું, ડોક્ટર, વૈદ, પશુચિકિત્સક, તાલીમ પામેલ દાયણ, વાંચનાલય, ટેલીફોન મથક વગેરેની સગવડ નહોતી. વળી કાપડની દુકાન પણ નથી. ટપાલ ક્ચેરી, સસ્તા અનાજની દુકાન, તેમજ કરિયાણા-ની દુકાન અને ઘરવખરીની દુકાન હતી. ગામમાં કોઈ હાટ ભરાતો નથી. પીવા-ના પાણી માટે મોટેભાગે નદી અને થોડા કૂવા છે. સહકારી મંડળી અને દૂધ ઉત્પાદક મંડળી નજીકના આંતરસુબા ગામમાં આવેલ છે.

૧૯૬૯માં કુલ ૫૮ જમીનના ખાતેદારો હતા. જેમાંથી આભાપુર ગામના ખાતેદારો ૪૧ અને બહારગામના ખાતેદારો ૧૭ હતા. આ ૫૮ ખાતેદારોમાંથી ૩ એકર જમીન સુધીના કુલ ૯ ખાતેદારો, ૫ એકર સુધીના ૪૦ ખાતેદારો અને ૫ એકરથી વધુ જમીન ધરાવતા ૯ ખાતેદારો હતા. ૧૯૭૯માં કુલ ૬૯ ખાતેદારો-માંથી ૩ એકર જમીન ધરાવતા ૬ ખાતેદારો, ૫ એકર સુધીની જમીન ધરાવતા ૨૫ ખાતેદારો અને ૫ એકરથી વધુ જમીન ધરાવતા ૩૮ ખાતેદારો હતાં.

૧૯૬૧માં કુલ સિંચાઈનો વિસ્તાર ૭૭ એકરનો હતો. ૧૯૬૭માં ગામમાં સિંચાઈ હેઠળનો વિસ્તાર ૫૬ એકરનો હતો જ્યારે ૧૯૭૯માં આ વિસ્તાર ઘટીને ૪૫ એકર થયો છે. ૧૯૬૯માં ગામમાં બધી જ સિંચાઈ હરણાવ નદીમાંથી કાઢવા-માં આવેલી નહેરમાંથી કરવામાં આવેલી જ્યારે કૂવા તથા અન્ય સાધનો દ્વારા ગામમાં બિલકુલ સિંચાઈ થતી ન હતી. આ અંગેનું કારણ પૂછતાં એમ જણાવવામાં આવેલું કે જમીન ઓછી હોવાથી વ્યક્તિગત કૂવા કરાવવા પોસાતા નથી. વિજયનગર મહાલના વિકાસ અધિકારીશ્રી સાથે થયેલ વાતચીત દરમિયાન જાણવા મળે કે આભાપુર ગામમાં સિંચાઈને અનુકૂળ કૂવા ખોદાવવા ખૂબ મુશ્કેલ છે તેથી જો વ્યક્તિગત રીતે કૂવા ખોદાય અને પાણી ન મળે તો ખર્ચ નકામો જાય પણ હાલના તબક્કે સરકાર તરફથી થતી ધિરાણની અનેકવિધ વ્યવસ્થાને લીધે આભાપુરમાં કુલ ૧૯ કૂવાઓ થયા છે અને ૫ ઓઈલ એન્જિનપંપ છે. આમ કૂવાનો સિંચાઈમાં ઉપયોગ શરૂ થયો છે તે છતાં સિંચાઈ હેઠળના વિસ્તારમાં ઘટાડો થયો છે એનું કારણ એ હતું કે દર વર્ષે નદીના કાંપ અને માટીથી સરોવર પૂરાતું જાય છે અને તેને કારણે પાણી સંગ્રહ શક્તિ ઘટે છે.

૧૯૬૯માં જમીનની એકરદીઠ સરેરાશ કિંમત રૂા. ૫૦૦ જેટલી હતી, જોકે તે વખતે જમીનના ખરીદવેચાણનો પુરો ખ્યાલ લોકોને હતો નહિ અને તેઓ પોતે જ પોતાની જમીનને નીચી કક્ષાની ગણતા હતા. હાલમાં જમીનની એકર-દીઠ સરેરાશ કિંમત ૧૩૯૭-૦૦ નોંધવામાં આવી હતી.

૧૯૬૯માં નોંધવામાં આવ્યું છે કે પશુઓની સંખ્યા ગામમાં જરૂર કરતાં વધારે જણાઈ હતી. કુટુંબદીઠ બળદની સંખ્યા ૨.૩ ની હતી જ્યારે ગાય કુટુંબદીઠ એક કરતાં વધારે હતી. બીજા પશુઓમાં પણ ભેંસો સિવાયના કુટુંબદીઠ એક કરતાં વધારે હતાં. આ બાબત અંગે પૂછપરછ કરતાં એમ જણાવવામાં આવેલ હતું કે પશુઓ વધારે રાખવાનું કારણ ઉત્પાદકીય હેતુ નથી પરંતુ તેના દ્વારા તેઓ [illegible] મેળવી શકે છે. પશુઓ એ આવકનું સાધન હોય તેઓ માનતા ન હતા.

પણ મિલકતના સાધન તરીકે ગણાતા હતા. જમીન અને મકાન વારંવાર વેચી શકતા નથી જ્યારે પશુ વેચીને મુશ્કેલીમાંથી નીકળી શકાય છે. આમ પશુ દ્વારા સાટા પધ્ધતિથી કામ ચાલતું હતું.

હાલની પરિસ્થિતિનો વિચાર કરીએ તો આદિવાસી આર્થિક વ્યવસ્થા આધુનિક નાણાંકીય વ્યવસ્થામાં પ્રવેશી ચૂકી છે. તેથી પશુનો ઉપયોગ વિનિમયના સાધન તરીકે પ્રમાણમાં ઓછો છે.

પશુઓની બે રીતે આવક આવે છે. એક તો એનું ખાતર અને બીજું દૂધ તથા દૂધની બનાવટો. આ બંને રીતે આદિવાસી કુટુંબો સારી આવક મેળવી શક્યા ન હતા. મહેસાણા અને ખેડા જિલ્લાના પશુપાલનનો ઉધોગ જે રીતે વિકાસ પામ્યો છે અને તે લોકો પશુપાલન જે માવજત કરે છે તેવી માવજતનું મહત્વ આભાપુર-ના આદિવાસીઓ સમજતા ન હતા, એવું ૧૯૬૯ની તપાસમાં નોંધાયું છે. જો કે આઈટીપીડીના અહેવાલમાં બતાવ્યા મુજબ દૂધ ઉત્પાદક પ્રવૃત્તિમાં સાબરકાંઠા ડિસ્ટ્રીક્ટ અત્યારે સારી એવી પ્રગતિ કરેલ છે. અને તેને પ્રમાણે વિજયનગર તાલુકા-માં ૩ દૂધ ઉત્પાદક સહકારી મંડળીની સ્થાપના કરવામાં આવી હતી તેમાંથી એક પાસેના આંતરસુબા ગામમાં જ આવેલી હતી. તે છતાં ૧૯૭૯ આભાપુર ગામની પશુ ગણતરી આ પ્રમાણે હતી. બળદ, ગાય, ભેંસ બધુ મળીને ૭૨ હતા. જ્યારે ઘેટાં બકરાં ૧૩૦ નોંધાયા હતા. ૧૯૬૯માં કુટુંબની સંખ્યા ૪૧ની હતી જ્યારે ૧૯૭૯માં કુટુંબની સંખ્યા ૬૯ની થઈ છે તેથી કુટુંબદીઠ પશુની સંખ્યામાં ઘટાડો થયેલ માલુમ પડે છે.

બીજી આવકના સાધન ગણીએ તો ખેતમજૂરી, જંગલ અને અન્ય મજૂરી જેમાં બાંધકામનો સમાવેશ થાય છે તેને ગણી શકાય. આ બધા પ્રકારની મજૂરીનો દર ૧૯૬૯માં ૧-૫૦ થી ૨-૦૦ રૂા. નોંધાયો હતો. સ્ત્રીઓને તો તેના કરતાં પણ ઓછું વેતન મળતું હતું. ૧૯૭૯માં મજૂરીનો દર રૂા. ૩-૦૦ હતો. ૧૯૬૯માં ગામમાં એકપણ ગૃહઉધોગ ન હતો. ૧૯૭૯માં અંબર ચરખાનો ઉધોગ શરૂ થયો હતો જેમાં ૧૭ જણને રોજી મળતી હતી.

૧૯૬૯માં આભાપુરમાં ૪૧ આદિવાસી કુટુંબ નોંધવામાં આવેલા હતા. તેમાંથી હાલને તબકકે માત્ર ૩૦ કુટુંબો અંગે માહિતી મળી હતી. આ ૩૦ કુટુંબની મોજણી કરવામાં આવી હતી.

૧૯૬૯માં ત્રીસે ત્રીસ કુટુંબનો મુખ્ય ધંધો ખેતી, ગૌણ ધંધામાં ૨૮ જણે મજૂરી અને બે જણે નોકરીનો નોંધાવ્યો હતો.

જયારે ૧૯૭૯માં ચિત્ર આ પ્રમાણે હતું. તપાસ હેઠળના ૩૦ કુટુંબનો મુખ્ય ધંધો ખેતી હતી. ગૌણ ધંધામાં વિવિધતા હતી. ત્રીસમાં ૨ જણાને ગૌણ ધંધો ન હતો. ૨૪ જણનો ગૌણ ધંધો મજૂરીનો હતો. આ ઉપરાંત ૭ કેસમાં એક કરતાં વધારે ગૌણ ધંધા નોંધાયા છે. એમાં પાંચ જણ તો અંબરચરખાનો ઉદ્યોગ કરતા હતા. બે જણ મજૂરી ઉપરાંત નોકરી પણ કરતા હતા. એક જણ તો ગૌણ ધંધામાં હોટલ ચલાવતો હતો જયારે ત્રણ જણનો ગૌણ ધંધો નોકરી હતો.

કુટુંબના કદની વિગત લઈએ તો માત્ર ૩ જ કુટુંબ એવા હતા કે તપાસ હેઠળના સમય દરમિયાન કુટુંબની સંખ્યામાં કોઈ ફરક ન હતો. ૯ કુટુંબ એવા હતા કે ૧૯૭૯માં એમની કુટુંબની સભ્ય સંખ્યા ઘટી હતી જયારે ૧૮ કુટુંબની સભ્ય સંખ્યામાં વધારો થયો હતો. ૩૦ કુટુંબોની સભ્યસંખ્યા ૧૯૬૯માં ૨૦૫ હતી, જયારે એ સભ્ય સંખ્યા ૧૯૭૯માં વધીને ૨૧૪ થઈ હતી. ૧૯૬૯માં ૧૫ કુટુંબ હતાં અને ૧૫ વિભકત કુટુંબ હતા જયારે ૧૯૭૯માં ૧૦ સંયુકત અને ૨૦ વિભકત કુટુંબ હતાં. મકાનની વિગત લઈએ તો ૧૯૬૯ અને ૧૯૭૯માં દસકા દરમિયાન એક પણ પાકુ મકાન નોંધાયું નથી.

તપાસ હેઠળના કુટુંબના સભ્યોનો વૈવાહિક દરજ્જો, કુલ કમાનારની સંખ્યા, તેમના શિક્ષણ અંગેની માહિતી આપતી વિગતો નીચેના કોઠામાં જણાવવામાં આવી છે.

કોઠાનો અભ્યાસ કરતાં એમ જણાય છે કે કુલ કમાનારની સંખ્યામાં ૧૯૬૯ની સરખામણીમાં ૧૯૭૯માં પુરુષ અને સ્ત્રી બંનેની સંખ્યા ઘટી હતી જ્યારે કમાનાર વ્યક્તિ તરીકે બાળકોની સંખ્યા વધી હતી. શિક્ષણની વિગત લઈએ તો ૧૯૬૯ની સરખામણીમાં ૧૯૭૯માં ભણેલા સભ્યોની સંખ્યા વધી હતી જ્યારે અભણની સંખ્યા ૧૯૭૯ કરતાં ઘટી હતી.

| | પરણિત | | અપરણિત | | વિધવા | વિધૂર | કુલ કમાનાર | | | ભણેલા | | અભણ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | | | પુ. | સ્ત્રી | બા. | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી |
| ૧૯૬૯ | ૪૦ | ૪૬ | ૬૧ | ૫૩ | ૬ | - | ૪૪ | ૪૬ | ૭ | ૩૭ | ૯ | ૬૨ | ૯૧ |
| ૧૯૭૯ | ૪૧ | ૪૧ | ૬૮ | ૬૩ | - | ૧ | ૪૦ | ૩૯ | ૧૪ | ૫૫ | ૨૦ | ૫૧ | ૮૯ |

૧૯૬૯માં જ્યારે તપાસ કરવામાં આવી હતી ત્યારે ગામમાં માત્ર ૧થી ૪ ધોરણ સુધીની શાળા હતી. ૧૯૭૯માં શાળા ૧ થી ૭ ધોરણ સુધી હતી. આ શાળા ભાડાના મકાનમાં બેસતી. ૧૯૬૯માં એક જ શિક્ષક હતા, હાલમાં ૩ શિક્ષકો હતા. જેમાંથી બે આદિવાસી શિક્ષકો હતા. આજથી ૧૦ વર્ષ પહેલાં વિદ્યાર્થીઓની સંખ્યા ૫૪ની હતી જેમાં ૩૫ છોકરાઓ અને ૧૯ છોકરીઓ હતી. આજે વિદ્યાર્થીઓની સંખ્યા વધીને ૯૬ની થઈ હતી. જેમાં ૬૭ છોકરાઓ અને ૧૯ છોકરીઓ હતી. આ બંને વર્ષ દરમિયાન એવી માહિતી આપવામાં આવી હતી કે રજીસ્ટરમાં નોંધાયેલ બાળકોના પ્રમાણમાં હાજરી ખરેખર બહુ ઓછી હોય છે અને તેમાંય છોકરા કરતાં છોકરીઓનું હાજરીનું પ્રમાણ ઘણું ઓછું રહે છે. આનું મુખ્ય કારણ ગરીબાઈ અને વડીલોની અજ્ઞાનતા છે. ગામમાં વધુમાં વધુ શિક્ષણ માત્ર એક છોકરાએ પીટીસી સુધી લીધેલ છે.

-: તપાસ હેઠળના કુટુંબોની જમીન એકરમાં ::-

| વર્ષ | જમીન વિહોણા | ૦ થી ૩ એકર | ૩ થી ૫ એકર | ૫ થી ૧૦ એકર | ૧૦ થી ઉપર | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧૯૬૯ | - | ૧૪ | ૯ | ૬ | ૧ | ૩૦ |
| ૧૯૭૯ | ૪ | ૧૪ | ૮ | ૪ | - | ૩૦ |

ઉપરનો કોઠો જોતાં જણાશે કે કુલ ૩૦ કુટુંબમાં ૪ કુટુંબ ૧૯૭૯માં જમીન વિનાના થઈ ગયા હતા. ૩ થી ૫ એકર જમીન સુધીમાં ૧૯૬૯માં ૯ કુટુંબ હતા જ્યારે ૧૯૭૯માં ૮ કુટુંબ હતા. ૫ થી ૧૦ એકરમાં પહેલા કુટુંબ ૬ હતા. ૧૯૭૯માં ૪ કુટુંબ હતાં જ્યારે ૧૦ એકરથી વધુમાં ૧૯૬૯માં એક કુટુંબ હતું જ્યારે ૧૯૭૯માં એક પણ કુટુંબ ૧૦ એકરથી વધુ જમીન ધરાવતું નહોતું. આમ જમીન અંગેનું ચિત્ર નિરાશાજનક જોવા મળ્યું હતું.

- સ્થાવર મિલકત :-

| તપાસનું વર્ષ | કુલ | ૧૦૦૦થી ૩૦૦૦ | ૩૦૦૦થી ૫૦૦૦ | ૫૦૦૧થી ૧૦૦૦૦ | ૧૦૦૦૧થી ૨૦૦૦૦ | ૨૦૦૦૦થી ઉપર |
|---|---|---|---|---|---|---|
| ૧૯૬૯ | ૩૦ | ૧૪ | ૧૦ | ૫ | ૧ | - |
| ૧૯૭૯ | ૩૦ | ૧ | ૩ | ૬ | ૯ | ૧૧ |

સ્થાવર મિલકત અંગેનું ચિત્ર જમીન કરતાં તદ્દન વિરુધ્ધનું છે. ઉપરના કોઠાનો અભ્યાસ કરતાં જણાશે કે તપાસના બંને વર્ષ દરમિયાનના ગાળાની અંદર સરેરાશ સ્થાવર મિલકતનો તફાવત ખૂબ નોંધપાત્ર હતો. ૧૯૬૯માં રૂા. ૧૦૦૦થી ૩૦૦૦ રૂા. સુધીની મિલકત ધરાવતા ૧૪ કુટુંબ હતા અને ૩૦૦૧ થી ૫૦૦૦ સુધી મિલકત ધરાવતાં ૧૦ કુટુંબ હતા જ્યારે ૧૯૭૯માં આ બંને વિભાગમાં

માત્ર એક કુટુંબ અને ૭ કુટુંબો અનુક્રમે હતાં. ૧૯૬૯માં ૫૦૦૧ થી ૨૦૦૦૦ સુધીની મિલકત ધરાવતા ૫ કુટુંબ હતા. ૧૦૦૦૦ થી ૨૦૦૦૦ સુધીની મિલકત ધરાવતા ૫ કુટુંબ હતાં. જ્યારે આજ વિભાગમાં ૧૯૭૯માં અનુક્રમે ૬ અને ૯ કુટુંબો હતાં. ૧૯૬૯માં રૂ. ૨૦૦૦૦થી વધારે મિલકત ધરાવતું એક પણ કુટુંબ ન હતું. જ્યારે ૧૯૭૯માં કુલ ૧૧ કુટુંબો એટલે કે ૩૬.૬૬ ટકા કુટુંબો ૨૦૦૦૦થી વધુ મિલકત ધરાવતા હતાં. આમ ઉપરછલ્લી રીતે જોતાં આખુંય ચિત્ર ખૂબ આશાસ્પદ લાગતું અને એમ જણાય કે આ ૧૦ વર્ષ દરમિયાન ઘણી પ્રગતિ થઈ હશે પણ ખરેખર હકિકત સાવ જુદી હતી. આ દસ વર્ષ દરમિયાન ભાવનો આંક એટલો ઉંચે ગયો છે કે જમીનની પૈસામાં કિંમત આપોઆપ જ ઉંચી ગઈ છે. એટલે મોટો તફાવત એને લીધે લાગે. ઉપરાંત મોટાભાગના કેસમાં જમીન તો એટલીને એટલી જ રહી છે પણ ઉપર જણાવ્યું એ મુજબ ૧૯૬૯માં એક પણ કુટુંબ પાસે કૂવો ન હતો જ્યારે ૧૯૭૯માં ગામમાં કુલ ૧૯ કૂવા તથા ૫ આઈલ એન્જીન હતા. તેને લીધે પણ તેમની જમીન કિંમત ઉંચી આવી હતી. વળી આ દસ વર્ષ દરમિયાન તેમની રહેણીકરણીમાં થોડો ફેરફાર થવાથી તેમની ઘરવખરીમાં અને ખેતીના ઓજારોમાં પણ સુધારો થયો હતો અને આ બધાની નાણાંકીય કિંમત ૧૯૬૯ કરતાં ૧૯૭૯માં ઘણી વધારે હતી. આ બધા કારણો તરફ સ્થાવર અસ્કયામતોમાં ખૂબ વધારો થયેલો જણાય છે. (વિવિધ વ્યવસાયોથી થતી આવક માટે જુઓ પાન નં. ૩૧)

આગળ જણાવ્યું છે એ મુજબ આભાપુરના રહીશો માટે વ્યવસાયોની વિવિધતા ખૂબ જ સીમીત છે. તેમની મુખ્ય આવક તો ખેતીમાંથી આવે છે. તે પછીનું મુખ્ય સાધન મજૂરી ગણી શકાય. મજૂરી ત્રણ પ્રકારની છે. ખેતમજૂરી, જંગલમજૂરી અને બાંધકામ મજૂરી, ખેતીમજૂરીની તકો બહુ ઓછી હતી. કારણ કે દરેક પાસે જમીન થોડી હતી. પોતાની જમીનમાં જ બધા સાથે મળીને ખેતી કરતાં તેથી પોતાના જ ગામમાં ખેતમજૂરીની તકો બહુ ઓછી હતી. જંગલ મજૂરી વર્ષમાં બે મહિના ચાલે છે. જેમાં થોડા દિવસ કટીંગ કામ ચાલે અને બાકીનો સમય ભાટીનું ચાલતું હોય છે. રસ્તાના કામો અછતના સમયમાં ચાલતા હોય છે જ્યારે આવા કામો ચાલતા હોય છે ત્યારે રોજગારી વધુ મળે છે. આજુ-બાજુનાં ગામો કુવાનું ખોદકામ થતું હોય તો કેટલાક લોકો તેમાં મજૂરી અંગે જતા હોય છે. ટૂંકમાં જ્યાં મજૂરી મળે ત્યાં જતાં હોય છે.

-:: <u>વિવિધ વ્યવસાયોની થતી આવક</u> (રૂપિયામાં) ::-

| આવકનું ક્ષેત્ર | આવકનું વર્ષ | ૧ થી ૨૫૦ | ૨૫૦થી ૫૦૦ | ૫૦૧થી ૭૫૦ | ૭૫૧થી ૧૦૦૦ | ૧૦૦૧થી ૧૫૦૦ | ૧૫૦૦થી ૨૦૦૦ | ૨૦૦૦થી ઉપર | શૂન્ય આવક | કુલ કુટુંબ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ખેતી | ૧૯૬૯ | ૫ | ૭ | ૬ | ૬ | ૪ | ૧ | ૧ | – | ૩૦ |
| | ૧૯૭૯ | ૩ | ૫ | ૬ | ૪ | ૩ | ૪ | ૪ | ૧ | ૩૦ |
| મજૂરી | ૧૯૬૯ | ૧૯ | ૩ | – | – | – | – | – | ૮ | ૩૦ |
| | ૧૯૭૯ | – | ૬ | ૭ | ૫ | ૨ | ૨ | ૧ | ૭ | ૩૦ |
| વન્યપેદાશ | ૧૯૬૯ | ૨૭ | ૨ | – | – | – | – | – | ૧ | ૩૦ |
| | ૧૯૭૯ | ૬ | – | – | – | – | – | – | ૨૪ | ૩૦ |
| ગૃહઉદ્યોગ | ૧૯૬૯ | – | – | – | – | – | – | – | ૩૦ | – |
| | ૧૯૭૯ | – | ૧ | ૧ | ૩ | ૧ | ૧ | – | ૨૩ | ૩૦ |
| પગાર | ૧૯૬૯ | ૨ | ૧ | – | – | – | – | – | ૨૭ | ૩૦ |
| | ૧૯૭૯ | – | – | ૧ | – | – | ૧ | ૧ | ૨૭ | ૩૦ |
| અન્ય | ૧૯૬૯ | ૧ | – | – | – | – | – | – | ૨૯ | ૩૦ |

મજૂરી પછીની તેમની આવકનું અન્ય સાધન વન્યપેદાશ ગણી શકાય. જોકે જંગલો કપાઈ ગયા હોવાથી તથા વનમાં ઢોર આખો દિવસ ફરતા હોવાથી વનમાં પહેલાંના જેવી વન્ય પેદાશ રહી નથી. ગુંદર કે મધની આવક તો ભાગ્યે જ કોઈ કુટુંબને મળતી હોય છે. જંગલમાંથી ઘાસ કાપીને થોડી આવક મેળવી શકાય પણ આ ઘાસ તો ઘરના ઢોર માટે જ વાપરવામાં આવતું હોય છે. મહુડા ના ઝાડમાંથી મહુડા એકઠા કરી તેને વેચવામાં આવે છે. મહુડાની સીઝન ૨૦થી ૩૦ દિવસ ચાલે છે. પણ એક મણ મહુડા ભેગા કરે ત્યારે માંડ ૧૦ રૂપિયા મેળવી શકે છે તેથી એમ કહી શકાય વન્ય પેદાશમાંથી આવક નહીવત છે. ત્યાર પછી આવે ગૃહઉદ્યોગો, નોકરી. પણ આ બધાનો ફાળો આભાપુરની આર્થિક વ્યવસ્થામાં ખૂબ ઓછો છે. તેમાં મુખ્ય આવકનું સાધન તો ખેતી જ છે. તે ઉપર આપેલા કોઠા ઉપરથી સમજાય છે. કોઠાનો અભ્યાસ કરીએ તો જણાશે કે ૧૯૬૯માં ખેતીમાંથી રૂ. ૫૦૦ સુધી આવકવાળા ૧૨ કુટુંબો હતાં. ૫૦૦ થી ૧૦૦૦ આવકવાળા ૧૨ કુટુંબો, રૂ. ૧૦૦૦ થી ૧૫૦૦ વાળા ૪ કુટુંબો, ૧૫૦૦ થી ૨૦૦૦ સુધીમાં એક કુટુંબ અને ૨૦૦૦થી ઉપરમાં એક કુટુંબ હતાં. જયારે ૧૯૭૯માં એજ વિભાગમાં અનુક્રમે ૮ કુટુંબો, ૧૦ કુટુંબો, ૩ કુટુંબો, ૪ કુટુંબો, ૪ કુટુંબો હતાં. ૧૯૭૯માં એક કુટુંબની ખેતીમાંથી કોઈ આવક થતી નહોતી. આ આંકડા બતાવે છે કે આ આંકડા બતાવે છે કે આ દસ વર્ષ દરમિયાન તેમની ખેતીમાંથી આવક વધી હતી પણ જેમ સ્થાવર અસ્કયામતોની બાબતમાં બન્યું છે તેમ એમની નાણાંકીય આવક વધી પણ સાચી આવક (રીયલ ઈન્મક) ખરેખર વધી નહોતી.

મજૂરીમાંથી થતી આવકની સરખામણી કરીએ ૧૯૬૯માં ૫૦૦રૂા. સુધીમાં ૨૨ કુટુંબો હતાં જયારે ૧૯૭૯માં ૫૦૦ સુધીની આવક ધરાવતાં ૬ કુટુંબો હતાં. રૂા. ૧૦૦૦ સુધી આવકવાળા ૧૨ કુટુંબો, ૧૦૦૦ થી ૧૫૦૦ ધરાવતા ૨ કુટુંબો, ૧૫૦૧ થી ૨૦૦૦ આવક ધરાવતાં ૨ કુટુંબો, ૨૦૦૦ થી વધારે આવક ધરાવતાં એક કુટુંબ હતું. ૭ કુટુંબો મજૂરીમાંથી આવક મેળવતાં નહતાં. આગળ

જણાવ્યું તે મુજબ ૧૯૬૯માં મજૂરીનો દર ૧-૫૦ થી ૨ રૂપિયા હતો જે ૧૯૭૯માં રૂા. ૩ થયો. આ ઉપરાંત રાજ્ય સરકારે ઉપાડેલા વિકાસ કાર્યોને લીધે ૧૯૬૯ કરતાં ૧૯૭૯માં મજૂરીની તકો વધારે મળી તેથી ૧૯૬૯ કરતાં ૧૯૭૯માં મજૂરી-માંથી થતી આવકમાં નોંધપાત્ર વધારો થયો હતો.

૧૯૬૯માં ૨૯ કુટુંબો વન્યપેદાશમાંથી આવક મેળવતા હતા. જ્યારે ૧૯૭૯માં માત્ર ૬ કુટુંબો વન્યપેદાશમાંથી આવક મેળવતા જણાયા છે. ૨૪ કુટુંબોને વન્યપેદાશમાંથી કોઈ પણ પ્રકારની આવક થતી નહોતી.

૧૯૬૯માં તપાસ દરમ્યાન એકપણ ગૃહઉદ્યોગ નોંધાયો ન હતો જ્યારે ૧૯૭૯માં ૭ કુટુંબોને ગૃહઉદ્યોગમાંથી આવક થતી હતી. જેમાં એક કુટુંબની આવક રૂા. ૫૦૦ સુધી, ૪ કુટુંબની આવક ૧૦૦૦ રૂા. સુધી હતી. એક કુટુંબની આવક રૂા. ૧૫૦૦ સુધી જ્યારે ૨૦૦૦ રૂપિયા સુધીમાં પણ એક કુટુંબની આવક નહોતી.

પગારમાંથી થતી આવકમાં તપાસના બંને વર્ષ દરમિયાન ૩ કુટુંબો નોંધાયા હતા પણ ૧૯૬૯માં ૩ કુટુંબોની આવક રૂા. ૫૦૦થી નીચે હતી જ્યારે ૧૯૭૯માં એક કુટુંબની આવક રૂા. ૫૦૦ થી ૭૫૦ સુધીમાં થઈ હતી. એક કુટુંબની આવક રૂા. ૧૫૦૦ થી ૨૦૦૦ સુધીમાં અને એક કુટુંબની આવક રૂા. ૨૦૦૦થી ઉપર નોંધાઈ છે. અન્ય આવકમાં પણ બંને વર્ષ દરમિયાન એક એક કુટુંબ હતાં પણ ૧૯૬૯માં અન્ય આવક બળદ વેચી દીધાથી મળી હતી. જ્યારે ૧૯૭૯માં અન્ય આવક ભાડામાંથી આવતી જોવા મળી હતી.

હવે પછીના કોઠામાં કુલ આવક -કુલ ખર્ચ તેમજ તેના પછીના કોઠામાં ઉત્પાદન ખર્ચ વિષેની વિગતો દર્શાવવામાં આવી છે. આપણે આવકના સાધનો વિષે તો ચર્ચા કરી જ છે. હવે નિર્વાહ ખર્ચની વિગતવાર ચર્ચા કરીશું. તેમનું મોટાભાગનું ખર્ચ ખોરાક પાછળ હોય છે. તેમના ખોરાકમાં વિવિધતા જોવા મળતી નથી. મુખ્યત્વે તો મકાઈના રોટલા અને ચણાની દાળ ખાતા હોય છે. દૂધ-ઘી પાછળ પણ નજીવું ખર્ચ કરતાં, કાપડ પાછળ પણ વિશેષ ખર્ચ કરતાં નથી. બહુ ઓછા લોકો પગરખાં પહેરે છે. થોડો ઘણો ખર્ચ સામાજિક અને ધાર્મિક વિધિઓ પાછળ થતો.

આમ જોઈએ તો તેમની જીવન જરૂરિયાતો ઘણી ઓછી હતી પણ સાથે આવક પણ ઘણી ઓછી હોવાથી આવક અને નિર્વાહ ખર્ચના બે છેડા મેળવતા બહુ મુશ્કેલી પડી હતી અને તેથી તેમને દેવું કરવાની ફરજ પડતી. આર્થિક મુશ્કેલીને પહોંચી વળવા પોતાના ઢોરોજ વેચતા.

- કુલ આવક :-

-:: આવકજૂથ પ્રમાણે કુટુંબોની સંખ્યા ::-

| વર્ષ | ૫૦૦ની નીચે | ૫૦૧થી ૧૦૦૦ | ૧૦૦૧થી ૧૫૦૦ | ૧૫૦૧થી ૨૦૦૦ | ૨૦૦૧થી ૩૦૦૦ | ૩૦૦૦થી ઉપર | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧૯૬૯ | ૪ | ૧૬ | ૮ | ૧ | - | ૧ | ૩૦ |
| ૧૯૭૯ | - | ૧ | ૯ | ૬ | ૮ | ૬ | ૩૦ |

કુલ ખર્ચ :-

-:: વપરાશી ખર્ચ પ્રમાણે કુટુંબોની સંખ્યા ::-

| વર્ષ | ૫૦૦થી નીચે | ૫૦૧થી ૧૦૦૦ | ૧૦૦૦થી ૧૫૦૦ | ૧૫૦૧થી ૨૦૦૦ | ૨૦૦૧થી ૩૦૦૦ | ૩૦૦૦થી ઉપર | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧૯૬૯ | ૯ | ૧૪ | ૬ | - | - | ૧ | ૩૦ |
| ૧૯૭૯ | - | - | ૧ | ૭ | ૧૪ | ૮ | ૩૦ |

ઉત્પાદન ખર્ચ :-

-:: ખેતીમાં થયેલ ખેતી ખર્ચ પ્રમાણે કુટુંબોની સંખ્યા ::-

| વર્ષ | ૧૦૦થી નીચે | ૧૦૧થી ૨૦૦ | ૨૦૧થી ૩૦૦ | ૩૦૦થી ઉપર | કુલ |
|---|---|---|---|---|---|
| ૧૯૬૯ | ૧૬ | ૮ | ૫ | ૧ | ૩૦ |
| ૧૯૭૯ | ૨ | ૮ | ૧૨ | ૮ | ૩૦ |

પહેલાં આપણે કુલ આવક અને કુલ ખર્ચના કોઠાનો અભ્યાસ કરીએ, ૧૯૬૯માં મળેલા આંકડા તપાસીએ તો જણાશે કે તપાસ હેઠળના ૩૦ કુટુંબોમાંથી ૨૦ કુટુંબની વાર્ષિક આવક રૂા. ૧૦૦૦થી નીચે હતી. ૧૦૦૦ થી ૨૦૦૦ સુધીની આવક ૯ કુટુંબની હતી. અને માત્ર એક જ કુટુંબની આવક રૂા. ૩૦૦૦થી ઉપર હતી. આની સામે ૧૯૭૯ના આંકડા સરખાવીએ તો માત્ર એક જ કુટુંબની વાર્ષિક આવક રૂા. ૧૦૦૦ સુધી હતી. ૧૦૦૦ થી ૨૦૦૦ સુધીની આવકવાળા ૧૫ કુટુંબો હતા. ૨૦૦૦ થી ૩૦૦૦ રૂા. સુધીની આવકવાળા ૮ કુટુંબો હતા. અને ૩૦૦૦થી ઉપર આવકવાળા ૬ કુટુંબો હતા. આ આંકડા બતાવે છે કે છેલ્લા ૧૦ વર્ષ દરમિયાન તપાસ હેઠળના કુટુંબોની વાર્ષિક આવકમાં ઘણો ફેર પડયો હતો પણ આની સામે કુલ વાર્ષિક ખર્ચના આંકડા મુકીએ તો ૧૯૬૯માં ૯ કુટુંબનું વાર્ષિક ખર્ચ રૂા. ૫૦૦થી નીચે હતું. ૧૪ કુટુંબનું ખર્ચ રૂા. ૫૦૦ થી ૧૦૦૦ નું હતું. રૂા. ૧૫૦૦ સુધી વાર્ષિક ખર્ચ કરતાં ૬ કુટુંબો હતા અને માત્ર એક જ કુટુંબનું વાર્ષિક ખર્ચ રૂા. ૧૦૦૦ નીચે હતું જયારે ૧૯૭૯માં એક પણ કુટુંબ ૧૦૦૦ રૂા.થી નીચે વાર્ષિક ખર્ચ કરતા હોય એવા નોંધાયા નથી. રૂા. ૧૦૦૦થી ૧૫૦૦ સુધી ખર્ચ કરતું હોય એવું એક જ કુટુંબ ૧૯૭૯માં હતું. જયારે રૂા. ૧૫૦૦ થી રૂા. ૩૦૦૦ સુધી વાર્ષિક ખર્ચ ભોગવતા હોય તેવા ૨૧ કુટુંબો હતાં. અને ૮ કુટુંબોનું ખર્ચ રૂા. ૩૦૦૦થી ઉપર હતું.

-:: તપાસેલ વરસો દરમિયાન બચત અને ખોટ કરતા કુટુંબોની સંખ્યા ::-

| વર્ષ | બચત કરતાં | ખોટ કરતાં કુટુંબોની સંખ્યા | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૫૦થી નીચે | ૫૧થી ૧૦૦ | ૧૦૧થી ૨૦૦ | ૨૦૧થી ૩૦૦ | ૩૦૧થી ૫૦૦ | ૫૦૧થી ૧૦૦૦ | ૧૦૦૦ થી વધારે | કુલ |
| ૧૯૬૯ | ૨૩ | ૩ | ૨ | ૨ | – | – | – | – | ૩૦ |
| ૧૯૭૯ | ૮ | ૨ | – | ૪ | ૧ | ૩ | ૬ | ૬ | ૩૦ |

આ કોઠાઓ સાથે જ બચત અને ખોટના કોઠાનો અભ્યાસ કરીએ તો જણાય છે કે ૧૯૬૯માં તપાસ હેઠળના ૩૦ કુટુંબોમાંથી ૨૩ કુટુંબો બચત કરી શકતા હતા. જ્યારે ૧૯૭૯માં માત્ર ૮ કુટુંબો જ બચત કરી શકયા હતા. ૧૯૬૯માં માત્ર ૭ કુટુંબને જ આવક અને ખર્ચનો મેળ બેસતો ન હતો અને સાત કુટુંબમાંથી પણ ૫ કુટુંબને ૧૦૦ રૂા. નીચે ખોટ આવતી હતી અને ૨ કુટુંબને ૨૦૦ રૂા. નીચે ખોટ આવતી. ૧૯૭૯માં તપાસ હેઠળના ૩૦માં ૨૨ કુટુંબોને ખોટ ભોગવવી પડતી હતી. તેમાંથી ૧ કુટુંબને રૂા. ૧૦૦ થી નીચે, ૪ કુટુંબને રૂા. ૨૦૦ સુધી, ૩૦૦ સુધી એક કુટુંબને, ૩૦૦ થી ૫૦૦ સુધી ૩ કુટુંબને, ૫૦૦ થી ૧૦૦૦ સુધી ૬ કુટુંબને અને ૧૦૦૦થી ઉપર ૬ કુટુંબને અનુક્રમે ખોટ ભોગવવી પડતી હતી.

આ આંકડા આખીયે તપાસના હાર્દરૂપ છે. આ આંકડા આપણને વિચાર કરતાં કરી મૂકે છે. આદિવાસીઓની આર્થિક ઉન્નતિને માટે થતી અનેક યોજનાઓ એ યોજનાઓના અમલીકરણ પાછળ થતા ધૂમ ખર્ચા ખરેખર આદિવાસીઓની પ્રગતિ સાધી શક્યા છે ખરા ? આપણી આ યોજનાઓ પ્રગતિકારક છે કે અવગતિકારક છે એવી શંકા ઉપજાવે એવા ઉપરનાં આંકડાઓ છે. ૧૯૬૯માં ૧૯૭૯ કરતાં આવક ઓછી હતી પણ તે છતાં તે વખતે તે આદિવાસી કુટુંબો બચત કરી શકતા હતા. જ્યારે ૧૯૭૯માં આવક વધી હોવા છતાં ૭૩ ટકા જેટલા કુટુંબો ખોટ થતી હતી. આમ એકબાજુ સરકાર તેમની આવક વધારવા માટે પોતાની સારી એવી શક્તિ ખર્ચે છે પણ એ આવક માત્ર આંકડાની દૃષ્ટિએ વધી હોય એમ જણાય છે. મોંઘવારીના આંક ઉપર કોઈ જાતનો કાબુ નહીં જાળવી શકવાથી યોજનાઓ ધ્વારા જેટલું આપી શકાયું છે એના કરતાં બે ગણું એમની પાસેથી લઈ લેવાયું હોય એમ લાગે છે. આટલી યોજનાઓ છતાં આદિવાસી તો વધારેને વધારે દેવાદાર બન્યો છે. તેથી એક બાજુથી આપીને બીજીબાજુથી લઈ લેવાની પ્રવૃત્તિ પાંચ ડગલાં આગળ ચાલી ૧૦ ડગલાં પાછળ જવા જેવી છે. આવકની સાથે સાથે જો એમની ખરીદશક્તિ ખરી આવક વધારવાની કાળજી

ન જાળવી શકાય તો આ બધી યોજનાઓનો સીધો લાભ આદિવાસી કદી મેળવી શકવાનો નથી બલ્કે આદિવાસી વધારે કંગાલ થતો જશે તેથી જ દરેક આદિવાસી કુટુંબને વત્તુઓછું દેવું હોય છે. દેવાની વિગત નીચે પ્રમાણે છે.

-:: તપાસેલ વરસોમાં દેવાની સ્થિતિ ::-

- રોકડ દેવું :-

| વર્ષ | ૧૦૦થી નીચે | ૧૦૧થી ૩૦૦ | ૩૦૧થી ૫૦૦ | ૫૦૧થી ૧૦૦૦ | ૧૦૦૦થી ૨૦૦૦ | ૨૦૦૦થી વધારે | જવાબ નહિ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧૯૬૯ | ૪ | ૭ | ૪ | ૨ | ૧ | - | ૧૨ | ૩૦ |
| ૧૯૭૯ | ૨ | ૧ | ૪ | ૧ | ૨ | ૩ | ૧૭ | ૩૦ |

- વસ્તુમાં દેવું :-

| વર્ષ | ૧૦૦થી નીચે | ૧૦૧થી ૩૦૦ | ૩૦૧થી ૫૦૦ | ૫૦૧થી ૧૦૦૦ | ૧૦૦૦થી ૨૦૦૦ | ૨૦૦૧થી વધારે | જવાબ નહિ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧૯૬૯ | ૮ | ૯ | ૫ | - | - | - | ૮ | ૩૦ |
| ૧૯૭૯ | ૩ | ૪ | ૪ | ૨ | ૪ | - | ૧૩ | ૩૦ |

- કુલ દેવું :-

| વર્ષ | ૧૦૦થી નીચે | ૧૦૧થી ૩૦૦ | ૩૦૧થી ૫૦૦ | ૫૦૧થી ૧૦૦૦ | ૧૦૦૧થી ૨૦૦૦ | ૨૦૦૦થી ૩૦૦૦ |
|---|---|---|---|---|---|---|
| ૧૯૬૯ | ૬ | ૧૪ | ૫ | ૩ | ૨ | - |
| ૧૯૭૯ | - | - | ૫ | ૬ | ૩ | ૬ |

| વર્ષ | ૩૦૦૦ થી ૫૦૦૦ | ૫૦૦૦ થી ઉપર | જવાબ નહિ | કુલ |
|---|---|---|---|---|
| ૧૯૬૯ | - | - | - | ૩૦ |
| ૧૯૭૯ | ૨ | ૧ | ૭ | ૩૦ |

ઉપરના ત્રણેય કોઠાઓનો અભ્યાસ કરીશું તો જણાશે કે રોકડમાં દેવું કરવાનું હોય કે વસ્તુમાં દેવું હોય બંને જાતના દેવા આદિવાસી વધારેને વધારે કરતો થઈ ગયો છે. ૧૯૭૯માં આ અંગેની તપાસમાં ઘણા કુટુંબોએ જવાબ નહીં આપવાનું પસંદ કર્યુ હોવાથી ખરેખર ટકાવારી કે કોઈપણ અભિપ્રાય બાંધવાની મુશ્કેલી પડે એમ છે પણ તેમ છતાં એમ તો કહી શકાય કે આદિવાસી વધારે દેવાદાર થતો ગયો છે.

આપણે આગળ જોયું તેમ આદિવાસીની બચત શક્તિ ઉત્તરોત્તર ઘટતી ગઈ છે. તેથી આપણે દેશનો એક વિભાગ કે જે બચત કરી શકે એમ છે અને સરકારને કર રૂપે પોતાની બચત ધરી દે છે એ વિભાગમાંથી ગમે તેટલા નાણાં ખેંચી લાવી અવિકસિત વિભાગ ઉપર ખર્ચીએ પણ જ્યાં સુધી સમાજનું આ અવિકસિત અંગ મૂડી નિર્માણ કરતું નહીં થાય ત્યાં સુધી આ વિભાગને જલદીથી સ્વઉપાર્જિત આવક અને મૂડી ઊભી કરતો કરવો ઘણો મુશ્કેલ છે. આ મૂડી નિર્માણ બે વસ્તુ ઉપર આધારિત છે. બચાવની ઈચ્છા અને બચત શક્તિ.

આદિવાસી સમાજના સગાઈ સંબંધો એકજાતના સામાજિક વિમાનું કામ કરે છે. તેથી ભવિષ્ય માટે બચાવવાની ઈચ્છા મૂળથી જ એમનામાં ઓછી હોય છે. જોકે હાલ આવા સગાઈ સંબંધો ઘટતા જાય છે તેથી બચાવવાની ઈચ્છા હોય તે છતાં ખામીભર્યા આયોજનને લીધે બચત શક્તિ તો નહીંવત રહે છે. આમ પાયાનું મૂડી નિર્માણ જ કુંઠિત થઈ ગયું છે. તો પછી યોજનાઓ પાછળના સ્વપ્ન સાકાર શી રીતે થઈ શકાવાના છે ?

આદિવાસી કુટુંબોનું મોટાભાગનું દેવું નિર્વાહખર્ચનું હોય છે. ૧૯૬૯માં ૨૨ કુટુંબો ખેતી કરતા હોવા છતાં ત્રીસે ત્રીસ કુટુંબ શાહુકારના દેવાદાર હતાં. પોતાની જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ માટે તેમણે શાહુકારનું દેવું કરવું પડતું હતું. ૧૯૬૯માં મોટેભાગે આ દેવું રોકડ ધિરાણમાં ઓછું મેળવતા હતા. ૧૯૬૯માં ચીજવસ્તુઓનું ધિરાણ વધુ માલુમ પડેલ.

| વર્ષ | શાહુકાર | સરકાર | બેન્ક | સ.મંડળી | સગા-વહાલાં | અન્ય |
|---|---|---|---|---|---|---|
| ૧૯૬૯ | ૩૦ | ૨ | - | ૩ | ૧ | - |
| ૧૯૭૯ | ૧૭ | ૪ | ૨ | ૧૦ | ૨ | ૨ |

ઉપરનો કોઠો જોતાં માલુમ પડશે કે હવે ધિરાણની બાબતમાં આદિવાસીઓ શાહુકાર કરતાં સહકારી મંડળી અને બેંક ઉપર વધારે આધાર રાખતા થયા છે. આ દેવું ક્યા કારણસર કરવામાં આવે છે એના હેતુઓ તપાસવાનું આ તબક્કે આવશ્યક છે.

- <u>દેવાના હેતુ</u> :-

| વર્ષ | ઘર બાંધવા | ખાદ્યાખોરાકી | ખેતી | સામાજિક | અન્ય |
|---|---|---|---|---|---|
| ૧૯૬૯ | ૪ | ૨૧ | ૪ | ૭ | ૧ |
| ૧૯૭૯ | ૭ | ૧૦ | ૧૨ | ૧ | - |

બંને વર્ષના આંકડા તપાસીએ તો જણાશે કે ૧૯૬૯ દરમિયાન ખાદ્યાખોરાકી માટે દેવું કર્યું હતું જ્યારે ૧૯૭૯માં ૧૦ કુટુંબોએ ખાદ્યાખોરાકી માટે દેવું કર્યું હતું. ૧૯૬૯માં ૭ કુટુંબોએ સામાજિક ખર્ચ માટે દેવું કર્યું હતું જ્યારે ૧૯૭૯માં માત્ર એક જ કુટુંબે સામાજિક ખર્ચ માટે દેવું કર્યું હતું. સામાજિક ખર્ચ માટે સરકાર પાસેથી ધિરાણ મળતું નથી તેથી સામાજિક ખર્ચ માટેનું ધિરાણ

એઓને નછૂટકે શાહુકાર પાસેથી મેળવવું પડે છે પણ આશાસ્પદ આંકડો ખેતી અંગેના દેવાનો છે. ૧૯૬૯માં માત્ર ૪ કુટુંબે ખેતી માટે દેવું કર્યુ હતું. ૧૯૬૯માં પાકનું રોગોથી રક્ષણ કરવા માટે કોઈ જાતની દવાની ઉપયોગ કરતા ન હતા. ૧૯૭૯ની સરખામણીએ ૧૯૬૯માં ખેતી સારી એવી પછાત સ્થિતિમાં હતી. ૧૯૬૯ની તપાસ દરમિયાન એમ ફલિત થતું હતું કે તેઓ જે રીતે ખેતી કરતા હતા તે રીતે ખેતીમાં નાણાંની જરૂરત પડતી ન હતી. મુખ્યત્વે ખેતી ખર્ચમાં બિયારણ, ~~XXXXX~~ તથા મહેસૂલને અગત્યતા આપવામાં આવી હતી. વાવણી, રોપણી, નિંદામણ, સિંચાઈ, કાપણી વગેરેના ખર્ચ તેમને થતા ન હતા. આ કામો જાતમહેનતથી ઘરમેળે જ કરતા હતા. બિયારણ તેઓ આગલા વર્ષનું સાચવી રાખતા હતા. છાણીયું ખાતર તેઓ ઘેર તૈયાર કરતા હતા અને રાસાયણિક ખાતર તેઓ ખાસ વાપરતા ન હતા. ૧૯૬૯મા પાકોનું રોગોથી રક્ષણ કરવા માટે કોઈ જાતની દવાનો ઉપયોગ કરતા નહોતા તેથી ૧૯૬૯માં ખેતી માટે તેમનું દેવું કરવું પડે એવી ખાસ પરિસ્થિતિ ઊભી થઈ ન હતી પણ ૧૯૭૯ની તપાસ સમયે તેઓ આધુનિક રીતે ખેતી કરતા થયા. આ બિયારણ પણ તેઓ ધિરાણમંડળી પાસેથી લેતા થયા. છાણિયા સિવાયના બીજા ખાતરો ખરીદીને વાપરતા થયા છે. તેમનું ખેતી પ્રત્યેનું વલણ બદલાઈ ગયું.

ઉત્પાદન ખર્ચ અંગેની માહિતી તપાસતાં જાણવા મળ્યું હતું કે ૧૯૬૯માં ૨૦૦ રૂ.થી ઓછા ઉત્પાદન ખર્ચ કરનારા ૨૪ કુટુંબો હતા જ્યારે ૧૯૭૯માં ૨૦૦થી ઓછો ખર્ચ કરનારા ૧૦ કુટુંબો હતા. ૧૯૬૯માં ૨૦૦ રૂ.થી વધારે ઉત્પાદન ખર્ચ કરનારા માત્ર ૬ કુટુંબ હતાં જ્યારે ૧૯૭૯માં ૨૦ કુટુંબ હતા. આમ એમ જરૂર કહી શકાય કે આભાપુરના આદિવાસીઓનાં ખેતી અંગેના વલણો પ્રગતિસૂચક છે. આ નિર્ણય ઉત્પાદન તેમજ દેવા માટે હેતુઓના કોઠાના આંકડાઓ પરથી જોઈ શકાય છે.

૧૯૭૯ની તપાસ દરમિયાન એકબીજી ખાસ પ્રશ્નપત્ર ભરાવવાનો આગ્રહ રાખ્યો હતો. વિકાસ અંગેની યોજનાઓથી તેઓ ખરેખર માહિતગાર છે કે નહિ અને આ યોજનાઓને કઈ રીતે વધારે લાભકર્તા બનાવી શકાય તે અંગે તેમના અભિપ્રાયો પણ માંગવામાં આવ્યા હતા. આ પરિપત્રનું તારણ આ પ્રમાણે હતું. તપાસ હેઠળના ૩૦ કુટુંબોમાંથી ૨૩ કુટુંબો તાલુકા કચેરીએ જઈ આવ્યા હતા. ૨૭ કુટુંબો સરપંચને ઓળખતા હતા. ત્રીસે ત્રીસ કુટુંબ ગ્રામસેવકને તથા તલાટીને ઓળખતા હતા. ૩૦માંથી ૨૧ કુટુંબ સહકારી મંડળીના સભ્ય હતા. ૩૦માંથી ૧૫ કુટુંબોએ સરકાર પાસેથી બિયારણ મેળવ્યું હતું. માત્ર પાંચ કુટુંબે ખેતીના સાધનો અંગેની લોન મેળવી હતી. ૯ કુટુંબે બળદ માટે તેમજ કૂવા માટે લોન લીધી હતી. ૧૪ કુટુંબે સરકાર તરફથી મળતી મદદનો ઉપયોગ કર્યો હતો. માત્ર એક જ કુટુંબે છેલ્લા દસ વર્ષ દરમિયાન જમીન ખરીદી હતી. તેની માહિતી આપી ન હતી. વિકાસ કાર્યોથી ફાયદો થયો છે કે નહિ તેના જવાબ રૂપે ૧૩ જણે હા પાડી અને ૧૭ જણાએ ના પાડી હતી.

વિકાસ કાર્યક્રમોને સફળ બનાવવા શું કરવું જોઈએ એના જવાબરૂપે નીચે પ્રમાણે સૂચનો આપ્યાં હતાં. ૧૪ કુટુંબે એવું સૂચન કર્યું હતું કે વધારે પશુઓ આપવા જોઈએ. ૮ કુટુંબે વધારે સારા સાધનો અને બિયારણ માટે આગ્રહ રાખ્યો હતો. ૭ કુટુંબે સિંચાઈની સવલતની માંગણી કરી હતી. ૪ કુટુંબે વધારાની જમીનની માંગણી કરી હતી. ૩ કુટુંબે દેવું માફ કરવાની અને ૨ કુટુંબે વ્યાજના દર ઓછા કરવાની વિનંતી કરી હતી. ૩ કુટુંબે મકાન બાંધવા માટે લોન આપવાનું સૂચન કર્યું હતું જ્યારે ૩ કુટુંબે વધારે મહેનત કરવાની અને ૨ કુટુંબે સામાજિક ખર્ચ ઓછો કરવા માટેની તૈયારી દર્શાવી હતી.

આમ એકંદરે જોઈએ તો છેલ્લા દસ વર્ષમાં ગામમાં ખાસ મહત્વના વિકાસના કામો થયા નહોતા. ખેતીમાં પણ કોઈ મોટો ફેરફાર જોવા મળ્યા નહીં. અલબત્ત ખેતી અંગેના વલણમાં ઘણી પ્રગતિ થઈ હતી. તેમની રહેણીકરણીમાં થોડો ઘણો ફેરફાર થયો પણ તેમની આર્થિક સ્થિતિમાં પણ ખાસ કોઈ સુધારો થયેલો જણાતો નહોતો

## -:: પ્રકરણ - ૪ ::-

## -:: ૧૯૭૯ - ૧૯૮૯ની તુલનાત્મક સ્થિતિ ::-

૧૯૭૯માં ગામમાંથી તપાસેલ કુલ ૩૦ કુટુંબોમાંથી ૧૦ કુટુંબો હયાત નહોતા જેથી ૧૯૮૯ની પુનઃતપાસ સમયે કુલ ૨૦ કુટુંબોની તપાસ કરવામાં આવી હતી. આ ૨૦ કુટુંબની સામાજિક-આર્થિક સ્થિતિમાં દાયકા દરમિયાન કેવા ફેરફારો થયા તેની ચર્ચા આ પ્રકરણમાં કરવામાં આવી છે.

- **ઘર :-**

તપાસેલ ૨૦ કુટુંબોની ઘરની સ્થિતિ જોઈએ તો બધા કુટુંબોના ઝુંપડાની દિવાલો કાચીમાટીના લીંપણની હતી. દિવાલના પ્રકારમાં કોઈ ફેરફાર થયો નહોતો જ્યારે છાપરાની સ્થિતિ તપાસીએ તો ૧૯૭૯માં ૧૮ ઘર પર દેશી નળિયા હતાં. અને માત્ર ૨ ઘર પર વિલાયતી નળિયાં હતાં. તેની જગ્યાએ ૧૯૮૯માં ૫૦ ટકા ઘરો પર વિલાયતી નળિયાં જોવા મળ્યાં હતાં. આમ ઘરની સ્થિતિમાં થોડો ફેરફાર જણાયો હતો. આ પરિવર્તનનું મહત્વનું કારણ સરકાર તરફથી છાપરા માટે વિલાયતી નળિયાની સહાય મળી હતી.

- **વસ્તી :-**

૧૯૭૯માં વીસ કુટુંબોની સભ્ય સંખ્યા કુલ ૧૪૪ હતી જે વધીને ૧૯૮૯માં ૧૫૩ ની થઈ હતી. આમ દાયકા દરમિયાન આ કુટુંબોમાં માત્ર ૯ વ્યક્તિઓનો જ વધારો નોંધાયો હતો. આમ વસ્તી વધારાનો દર ઘણો જ ઓછો હતો. ૧૯૭૯માં કુટુંબનું કદ ૭.૨ વ્યક્તિનું હતું તે વધીને ૧૯૮૯માં ૭.૬ વ્યક્તિનું થયું હતું.

- **વૈવાહિક દરજ્જો :-**

વૈવાહિક દરજ્જા પ્રમાણે વસ્તીનું વર્ગીકરણ બંને વરસોમાં નીચે મુજબ જોવા મળ્યું હતું.

-:: કોઠા નં. ૪.૧ ::-

-:: વૈવાહિક દરજ્જા પ્રમાણે વસ્તીનું વર્ગીકરણ ::-

| વૈવાહિક દરજ્જો | ૧૯૮૯ પુરુષ | ૧૯૮૯ સ્ત્રી | ૧૯૮૯ કુલ | ૧૯૭૯ પુરુષ | ૧૯૭૯ સ્ત્રી | ૧૯૭૯ કુલ |
|---|---|---|---|---|---|---|
| પરિણિત | ૩૩ | ૩૩ | ૬૬ | ૨૬ | ૨૬ | ૫૨ |
| અપરિણિત | ૩૮ | ૪૫ | ૮૩ | ૪૫ | ૪૭ | ૯૨ |
| વિધવા | - | ૧ | - | - | - | - |
| વિધુર | ૩ | - | - | - | - | - |
| કુલ | ૭૪ | ૭૯ | ૧૫૩ | ૭૧ | ૭૩ | ૧૪૪ |

કોઠા નં. ૪.૧ પરથી જણાય છે કે બીજી તપાસ સમયે પરિણિત યુગલની સંખ્યા વધુ હતી અને અપરિણિત પુરુષોની સંખ્યા ઓછી થઈ હતી. વિધવા અને વિધુર બીજી તપાસ સમય દરમિયાન એક પણ નહોતા.

- **શિક્ષણ :-**

સર્વેક્ષિત કુટુંબમાં દાયકા દરમિયાન શિક્ષણમાં ખાસ પરિવર્તન જોવા મળ્યું નહોતું. ૧૯૭૯ કુલ ૧૪૪ની વસતિમાંથી ૫૭ વ્યક્તિઓ શિક્ષિત હતી જ્યારે ૧૯૮૯માં ૧૫૩ વ્યકિતઓમાંથી માત્ર ૫૩ વ્યકિતઓ શિક્ષિત હતી જ્યારે ૧૮૦ વ્યક્તિઓ નિરક્ષર હતી. ૫૩ ભણેલ વ્યક્તિમાંથી ૩૦ બાળકોનો અભ્યાસ ચાલુ હતો. જેમાંથી ૪ બાળકો ૧૧માં ધોરણમાં, ૪ બાળકો ૧૦મા ધોરણમાં, ૭ બાળકો ૫ થી ૭ ધોરણમાં અને ૧૫ બાળકો ૧ થી ૪ ધોરણમાં ભણતાં હતાં. આમ દાયકા દરમિયાન ગામના બાળકો વધુ શિક્ષણ લેતા થયાં હતાં. આજુબાજુના ગામોમાં તેમજ વિજયનગર તાલુકામાં આર્ટ્સ કોલેજની સ્થાપના થવાને કારણે આદિવાસી લોકો શિક્ષણમાં રસ લેતાં થયાં હતાં.

- **કામ કરતી વસતિ :-**

૧૯૭૯માં સર્વેક્ષિત કુટુંબમાં કામ કરતી વસ્તીનું પ્રમાણ ૨૮.૪ ટકા હતું. જ્યારે ૧૯૮૯માં તે પ્રમાણ ૧૮.૭ ટકા હતું. આમ કામ કરતી વસ્તીનું પ્રમાણ પુનઃતપાસ સમયે ઓછું થયું હતું. ૧૯૭૯માં કમાનાર પર આધારિત વસ્તીનું પ્રમાણ ૨૫.૭ ટકા હતું તે વધીને ૩૯.૬ ટકા થયું હતું. જ્યારે બિન કમાનાર વસ્તી ૧૯૭૯માં ૫૫ ટકા હતી જે ઘટીને ૪૬.૧ ટકા થઈ હતી. આમ પુનઃ તપાસ સમયે સમગ્ર રીતે જોઈએ તો કામ કરતી વસ્તીનું પ્રમાણ ઠીક ઠીક વધતું હતું. તપાસેલ કુટુંબમાં કામ કરતી વસ્તીની માહિતી કોઠા નં. ૪.૨માં પ્રસ્તુત છે.

-:: **કોઠા નં. ૪.૨** ::-

-:: **તપાસેલ કુટુંબમાં જાતિવાર કામ કરતી વસતિ** ::-

| | ૧૯૭૯ | | | ૧૯૮૯ | | |
|---|---|---|---|---|---|---|
| વિગત | પુરુષો | સ્ત્રી | કુલ | પુરુષો | સ્ત્રી | કુલ |
| કુલ વસતિ | ૭૨ | ૭૩ | ૧૪૪ | ૭૪ | ૭૯ | ૧૫૪ |
| ભુલ કમાનાર | ૩૨ | ૩૨ | ૬૪ | ૪૨ | ૪૦ | ૮૨ |
| બિન કમાનાર | ૩૯ | ૪૧ | ૮૦ | ૩૨ | ૩૯ | ૭૧ |
| કુલ વસ્તીમાં કમાનાર | ૪૫.૦ | ૪૩.૮ | ૪૪.૪ | ૫૬.૭ | ૫૦.૬ | ૫૩.૨ |

કોઠા નં. ૪.૨ પરથી જણાય છે કે ૧૯૭૯ કરતાં ૧૯૮૯માં પુરુષો અને સ્ત્રીઓમાં કામ કરતી વસ્તીનું પ્રમાણ વધારે છે.

- **જમીન :-**

ગામમાં બધા કુટુંબોનો મુખ્ય ધંધો ખેતી હતો. ખેતી સિવાય મજૂરી અને પશુપાલનના ધંધામાંથી આવક મેળવતાં હતાં. ૧૯૮૯ તપાસ સમયે ગામમાં

કુલ ૯૦ ખાતેદારો હતાં. ૯૦ ખાતેદારોમાંથી ૨૪ બિનઆદિવાસી ખાતેદારો હતાં. ગામમાં વસતાં ૭ હરિજન કુટુંબો પણ જમીન ધરાવતાં હતાં. બાકી આજુબાજુના ગામના કણબી પટેલ વગેરે જમીન ધરાવતાં હતાં. કણબી પટેલ વગેરે પાસે જે જમીનો હતી તે અગાઉ ઘણા વરસો પહેલાં આદિવાસીઓની હતી પરંતુ પાછળથી આ બધી જમીન આજુબાજુના ગામોમાં વસતાં કણબી પટેલોએ એક યા બીજા પ્રકારે લઈ લીધી હતી એવું જાણવા મળેલ. જમીન ધારણ કરતાં કુટુંબોની સંખ્યા નીચે મુજબની હતી.

-:: કોઠા નં.- ૪.૩ ::-

-:: ગામમાં માલિકીની જમીનનું ખાતેદાર પ્રમાણે વર્ગીકરણ ::-

| જમીનનું કદ (હેકટરમાં) | કુલ ખાતેદારો | ધારણ કરેલ જમીન (હેકટરમાં) |
|---|---|---|
| ૦ થી ૧ | ૩૫ | ૨૫- ૨૩- ૯૩ |
| ૧ થી ૨ | ૩૯ | ૫૧- ૭૬- ૬૦ |
| ૨ થી ૩ | ૧૦ | ૨૪- ૭૭- ૬૫ |
| ૩ થી ૪ | ૫ | ૧૭- ૦૪- ૧૮ |
| ૪ થી ૫ | - | -- |
| ૫ થી વધુ | ૧ | ૦૫- ૨૧- ૦૪ |
| કુલ | ૯૦ | ૧૨૪- ૦૩- ૪૦ |

ગામમાં ખાતેદારદીઠ ૧૩૭ સેન્ટ એટલે કે ૩ એકર ૦૪ ગુંઠા જમીન ધરાવતાં હતાં. ગામના આદિવાસી ખેડૂતો મોટેભાગે સીમાન્ત અને નાના હતાં. મોટા ખેડૂતોની સંખ્યા ઘણી જ ઓછી હતી.

સર્વેક્ષિત કુટુંબમાંથી ૧૯૭૯માં ૧૮ કુટુંબો જમીન ધરાવતાં હતાં જ્યારે બે કુટુંબો જમીનવિહોણાં હતાં. ૧૯૮૯ની તપાસ સમયે ૧૯૮૯માં સર્વેક્ષિત કુટુંબ દીઠ ૨.૦૯ એકર જમીન હતી જ્યારે ૧૯૭૯માં કુટુંબદીઠ જમીનનું પ્રમાણ ૩.૨૪ એકર હતું. ૧૯૮૯માં બે કુટુંબો જેઓ ૧૯૭૯માં જમીન ધરાવતાં નહોતાં તેમની પાસે પુન:તપાસ સમયે જમીન હતી. આમ પુન:તપાસ સમયે કુટુંબદીઠ જમીનમાં થોડો ઘણો ઘટાડો થયો હતો. જમીનના કદ પ્રમાણે કુટુંબનું વર્ગીકરણ કોઠા નં. ૪ માં દર્શાવેલ છે

-:: કોઠા નં. ૪.૪ ::-

-:: જમીનના કદ પ્રમાણે સર્વેક્ષિત કુટુંબનું વર્ગીકરણ ::-

| જમીનનું કદ (એકરમાં) | કુટુંબ સંખ્યા ૧૯૭૯ | કુટુંબ સંખ્યા ૧૯૮૯ | ધારણ કરેલ જમીન ૧૯૭૯ | ધારણ કરેલ જમીન ૧૯૮૯ |
|---|---|---|---|---|
| ૦.૧ થી ૨.૫ | ૭ | ૯ | ૧૦.૦૯ | ૧૩.૩૧ |
| ૨.૫ થી ૫ | ૯ | ૯ | ૩૨.૨૭ | ૩૧.૦૩ |
| ૫ થી વધુ | ૨ | ૨ | ૧૫.૨૨ | ૧૩.૩૮ |
| જમીનવિહોણા | ૨ | - | - | - |
| કુલ | ૨૦ | ૨૦ | ૫૮.૧૮ | ૫૮.૧૨ |

કોઠા નં. ૪.૪ પરથી જણાય છે કે ૧૯૮૯માં બે જમીનવિહોણા કુટુંબે જમીન મેળવી હતી. કુટુંબદીઠ જમીનનું કદ ઘટેલ, સમગ્ર જમીનમાં પણ થોડો ઘટાડો થયો હતો. અઢી એકર સુધી જમીન ધરાવનાર કુટુંબની સંખ્યા ૧૯૭૯માં ૭ હતી જે વધીને ૧૯૮૯માં ૯ થઈ હતી.

- આવક :-

સર્વેક્ષિત કુટુંબની સાધનવાર આવક કોઠા નં. ૪.૫માં દર્શાવેલ છે. કોઠા નં. ૪.૫ પરથી જણાય છે કે ૧૯૭૯માં કુટુંબદીઠ આવક રૂા. ૨૧૦૦/- (જે તે વરસના ભાવે) હતી. જે વધીને ૧૯૮૯માં રૂા. ૬૫૯૦ની થઈ હતી. આમ ૧૯૭૯-૧૯૮૯ના દાયકા દરમિયાન આવકમાં ત્રણ ઘણો વધારો થયો હતો પરંતુ દાયકા દરમિયાન થયેલ ભાવ વધારાને ધ્યાનમાં લેતાં તેમની વાસ્તવિક આવક વધી નહોતી.

-:: કોઠા નં. ૪.૫ ::-

-:: સાધનવાર કુટુંબદીઠ વાર્ષિક આવક (રૂપિયામાં) ::-

| ક્રમ | ધંધો | ૧૯૭૯ | ૧૯૮૯ |
|---|---|---|---|
| ૧. | ખેતી અને પશુપાલન | ૧૦૬૩ (૫૦.૬) | ૩૩૩૫ (૫૦.૬) |
| ૨. | વન્ય પેદાશ | ૨૭ (૧.૩) | ૩૫૭ (૫.૪) |
| ૩. | મજૂરીની આવક | ૬૨૭ (૨૯.૮) | ૧૫૮૧ (૨૪.૦) |
| ૪. | નોકરી | ૧૨૧ (૫.૮) | ૧૧૨૦ (૧૭.૦) |
| ૫. | વેપાર ધંધો | ૨૩૨ (૧૧.૦) | ૧૯૭ |
| ૬. | અન્ય આવક | ૩૦ (૧.૫) | ૧૯૭ |
| | કુલ | ૨૧૦૦ | ૬૫૯૦ (૧૦૦.૦૦) |

નોંધ :- (કૌંસમાં દર્શાવેલ આંકડાઓ ટકાવારી દર્શાવે છે.)

કોઠા નં. ૪.૫ પરથી જણાય છે કે ખેતી અને પશુપાલનની આવકમાં કોઇ ફેરફાર થયો નહોતો. વન્યપેદાશની આવક ૧૯૮૯માં વધી હતી જ્યારે મજૂરીની આવક ઘટી હતી. નોકરીની આવકમાં ઘણો જ વધારો થયો હતો. જ્યારે વેપાર-ધંધાની આવક ૧૯૮૯માં નહોતી. નોકરીની આવક વધવા પાછળનું મહત્વનું કારણ સરકારની અનામતનીતિને કારણે આદિવાસીઓને ત્રીજા વર્ગની નોકરીઓમાં ભરતી મળી હતી. તદુપરાંત આ વિસ્તારના યુવાનો ખાસ કરીને લશ્કરમાં વધુ પ્રમાણમાં જોડાય છે. આ ગામમાંથી પણ કેટલાક યુવાનો લશ્કરમાં જોડાયેલ આથી તેમની કુટુંબદીઠ આવક વધી હતી. વન્યપેદાશની આવકમાં પણ ખાસ વધારો થયો હતો. આમ દાયકા દરમિયાન આવકના માળખામાં ખાસ ફેરફારો નોંધાયા નહતાં.

સ્થિર ભાવની સપાટીએ ૧૯૭૯માં માથાદીઠ માસિક આવક રૂા. ૨૪.૩૦ હતી જે વધીને ૧૯૮૯માં રૂા. ૭૨.૨૫ થઈ હતી. આમ દાયકા દરમિયાન તેમની નાણાંકીય આવકમાં ત્રણ ઘણો વધારો નોંધાયો હતો.

- વાર્ષિક વપરાશ ખર્ચ :-

તપાસેલ બંને વર્ષની વપરાશી ખર્ચની માહિતી કોઠા નં. ૪.૬માં આપવામાં આવી છે. કોઠા પરથી જણાય છે કે ૧૯૭૯માં સર્વેક્ષિત કુટુંબનો વાર્ષિક વપરાશ ખર્ચ રૂા. ૨૫૮૩ હતો જે વધીને ૧૯૮૯માં રૂા. ૫૦૭૮નો થયો હતો. આમ વપરાશ ખર્ચમાં ૯૬૦૫ ટકાનો વધારો થયો હતો. ૧૯૭૯માં માથાદીઠ માસિક વપરાશ રૂા. ૩૧.૫ હતી જે વધીને ૧૯૮૯માં રૂા. ૫૫.૬ થઈ હતી. આમ સર્વેક્ષિત કુટુંબના જે તે વરસના ભાવે ગરીબી રેખા નીચે જીવન વ્યતિત કરતાં હતાં.

-:: કોઠા નં. ૪.૬ ::-

-:: કુટુંબદીઠ વાર્ષિક વપરાશખર્ચ (રૂપિયામાં) ::-

| વિગત | ૧૯૭૯ | ૧૯૮૯ |
|---|---|---|
| ખાદ્યાખોરાકી | ૧૫૩૫ | ૨૬૦૮ |
| | (૫૬.૪) | (૫૧.૩) |
| બિનખાદ્યચીજવસ્તુઓ | ૫૬૮ | ૧૧૯૩ |
| | (૨૦.૯) | (૨૩.૬) |
| તમાકુ દારુ | ૭૭ | ૭૦ |
| | ( ૨.૮) | ( ૧.૪) |
| બળતણ | ૨૯ | ૩૭ |
| | ( ૧.૧) | ( ૦.૭) |
| મુસાફરી | ૬૫ | ૧૧૭ |
| | ( ૨.૪) | ( ૨.૩) |
| કપડાં પગરખાં | ૨૮૪ | ૬૮૭ |
| | (૧૦.૪) | (૧૩.૫) |
| શિક્ષણ | ૫૧ | ૧૪૪ |
| | ( ૧.૮) | ( ૨.૮) |
| દવાદારુ | ૩૯ | ૧૧૨ |
| | ( ૧.૪) | ( ૨.૨) |
| સામાજિક ધાર્મિક | ૭૭ | ૧૧૦ |
| | ( ૨.૮) | ( ૨.૨) |
| | ૨૭૨૫ | ૫૦૭૮ |
| | (૧૦૦.૦૦) | (૧૦૦.૦) |

(કૌંસમાં દર્શાવેલ આંકડાઓ ટકાવારી દર્શાવે છે.)

તપાસેલ કુટુંબનું દાયકા દરમિયાન ખર્ચનું માળખું તપાસીએ તો જણાય છે કે ૧૯૭૯માં કુલ વપરાશના ૫૬ ટકા ખાદ્યાખોરાકી પાછળ થતા હતા જે ઘટીને ૧૯૮૯માં ૫૧ ટકા થયું હતું જ્યારે બિન ખાદ્યજીવસ્તુઓ જેવી કે દૂધ, તેલ વગેરે પાછળનો ખર્ચ વધ્યો હતો. તમાકુ-દારુ પાછળનો ખર્ચ ઘટયો હતો. હિંદુ સંપ્રદાયના સંપર્કને કારણે ગામના લોકો દારુ તમાકુ તેમજ માંસાહાર છોડયાનું વલણ ધરાવતાં હતાં. દાયકા દરમિયાન શિક્ષણ અને કપડાં-પગરખાં પાછળના ખર્ચમાં વધારો નોંધાયો હતો.

- દેવું :-

૧૯૭૯માં તપાસેલ કુલ ૨૦ કુટુંબમાંથી ૧૬ કુટુંબો દેવાદાર હતાં જ્યારે આજ વીસ કુટુંબોની ૧૯૮૯ની તપાસ સમયે કુલ ૧૫ કુટુંબો દેવાદાર હતાં. ૧૯૭૯માં દેવાદાર કુટુંબદીઠ દેવું રૂા. ૧૨૫૦ હતું જે વધીને ૧૯૮૯માં રૂા. ૨૪૮૬ થયું હતું. આમ કુટુંબદીઠ દેવામાં ૯૮.૮ ટકાનો વધારો થયો હતો. સાધનવાર અને હેતુવાર દેવાની માહિતી અનુક્રમે કોઠા નં. ૪.૭ અને ૪.૮માં આપવામાં આવેલી છે.

-:: કોઠા નં.- ૪.૮ ::-

-:: સાધનવાર દેવાદાર કુટુંબદીઠ દેવું (રૂપિયામાં) ::-

| એજ-સી | ૧૯૭૯ | ૧૯૮૯ |
|---|---|---|
| શાહુકાર | ૮૭૫<br>(૭૦.૦) | ૭૫૩<br>(૩૦.૩) |
| બેંક | - | ૧૦૬૬<br>(૪૨.૯) |
| સ. મંડળી | ૧૩૮<br>(૧૧.૦) | - |
| સગાસંબંધી | ૨૩૭<br>(૧૯.૦) | ૬૬૭<br>(૨૬.૮) |
| કુલ | ૧૨૫૦<br>(૧૦૦.૦) | ૨૪૮૬<br>(૧૦૦.૦) |

-:: કોઠા નં. ૪.૯ ::-

-:: હેતુવાર કુટુંબદીઠ દેવું (રૂપિયામાં) ::-

| હેતુ | ૧૯૭૯ | ૧૯૮૯ |
|---|---|---|
| ઘરનિભાવ | ૮૦૩ | ૪૨૦ |
| | (૬૪.૨) | (૧૭.૦) |
| ખેતી વિષાયક | ૧૩૮ | ૧૯૮૦ |
| | (૧૧.૦) | (૭૯.૬) |
| ઢોર ખરીદી | -- | ૮૬ |
| | | (૩૦.૪) |
| મકાન બાંધકામ/રીપેરીંગ | ૭૨ | -- |
| | (૫.૮) | |
| સામાજિક | ૨૩૭ | -- |
| | (૧૯.૦) | |
| કુલ | ૧૨૫૦ | ૨૪૮૬ |
| | (૧૦૦.૦) | (૧૦૦.૦) |

સાધનવાર દેવાની માહિતી પર દૃષ્ટિપાત કરીએ તો જણાય છે કે ૧૯૭૯માં ૭૦ ટકા દેવું શાહુકાર વેપારીનું હતું જે ઘટીને ૩૭ ટકા થયું હતું. જ્યારે ૧૯૭૯માં બેંક દ્વારા કંઈપણ ધિરાણ થયું નહોતું જ્યારે ૧૯૮૯માં કુલ દેવામાં ૪૨ ટકાનો હિસ્સો બેંકનો હતો. આમ સંસ્થાકીય દેવાના માળખામાં વધારો થયો હતો અને શાહુકાર-વેપારીની પકડ ઘટી હતી.

હેતુવાર દેવાની સ્થિતિ જોઈએ તો જણાય છે કે ૧૯૭૯ કરતાં ૧૯૮૯માં ઉત્પાદકીય દેવું વધ્યું હતું. જ્યારે નિભાવ ખર્ચ પાછળનું દેવું ઘટયું હતું. ૧૯૮૯માં ડીઆઈઆર સ્કીમ તેમજ એન્ટી પોવરટી પ્રોગ્રામને કારણે ઘણા આદિવાસીઓને સરકારની આર્થિક યોજનાનો લાભ મળ્યો હતો. આ કારણથી વેપારી/શાહુકાર ની પકડ ઓછી થઈ હતી.

– અસ્કયામત :-

૧૯૭૯માં સર્વેક્ષિત કુટુંબની કુટુંબદીઠ અસ્કયામત રૂા. ૧૫૪૫૨ની હતી જે વધીને ૧૯૮૯માં રૂા. ૫૩૭૬૯ની થઈ હતી. આમ દાયકા દરમિયાન કુટુંબની અસ્કયામતમાં ૨૪૭ ટકાનો વધારો નોંધાયો હતો. અસ્કયામતનું માળખું તપાસીએ જણાય છે કે ૧૯૮૯માં કુલ અસ્કયામતમાં જમીન અને મકાનનો હિસ્સો ઘટ્યો હતો જ્યારે ખેતીના સાધનો, પશુધન અને ઘરવખરીનો હિસ્સો વધ્યો હતો. તપાસેલ બંને વરસોની અસ્કયામતની માહિતી કોઠા નં. ૪.૧૦ માં આપવામાં આવેલી છે.

-:: કોઠા નં. ૪.૧૦ ::-

-:: કુટુંબદીઠ અસ્કયામત (રૂપિયામાં) ::-

| અસ્કયામતો | ૧૯૭૯ | ૧૯૮૯ | વધારો %માં |
|---|---|---|---|
| જમીન | ૬૨૮૧ | ૨૧૨૨૫ | |
| | (૪૦.૬) | (૩૯.૬) | ૨૩૭.૯ |
| મકાન | ૪૭૮૫ | ૧૪૭૮૦ | |
| | (૩૧.૦) | (૨૭.૪) | ૨૦૭.૨ |
| વૃક્ષો | ૪૫૪૦ | ૧૯૧૦ | |
| | (૩.૫) | (૩.૫) | ૨૫૩.૭ |
| પશુધન | ૧૧૫૦ | ૪૫૯૪૪ | |
| | (૭.૪) | (૮.૫) | ૨૪૯.૪ |
| ખેતીના સાધનો | ૨૨૮૧ | ૯૬૭૮૦ | |
| | (૧૪.૮) | (૧૭.૯) | ૩૨૩.૯ |
| ઘરવખરી | ૨૫૯ | ૧૧૮૭ | |
| | (૧.૭) | (૨.૨) | ૩૫૮.૦ |
| ઘરેણાં | ૧૫૬ | ૪૮૩ | |
| | (૧.૦) | (૦.૯) | ૨૦૯.૬ |
| કુલ | ૧૫૪૫૨ | ૫૩૭૬૯ | |
| | (૧૦૦.૦) | (૧૦૦.૦) | ૨૪૭.૯ |

કૌંસમાં દર્શાવેલ આંકડાઓ ટકાવારી દર્શાવે છે.

- <u>ઉપસંહાર</u> :-

ઉપર જણાવેલ ગામના સર્વેક્ષિત કુટુંબની તુલનાત્મક સ્થિતિ પરથી જણાય છે કે દાયકા દરમિયાન ગામના લોકોના આર્થિક માળખામાં ખાસ ફેરફાર થયો નથી. સર્વેક્ષિત બધાં કુટુંબો જે તે વરસની ભાવસપાટીએ ગરીબીની રેખા નીચે હતાં. અમુક કુટુંબોને સરકારના આર્થિક કાર્યક્રમોનો લાભ મળ્યો હતો. તેઓ ઓઇલ એન્જીન મેળવી ચોમાસા સિવાય શિયાળામાં ખેતીનું ઉત્પાદન લેતા થયા તેથી તેમની ખેતીની ઉપજ વધી છે. આ સિવાય પશુપાલનના ધંધાને લીધે થોડી આવક વધી છે. ગામમાં જમીન ઓછી હોવાને કારણે ગામમાં મજૂરી મળતી નથી. આજુબાજુના ગામોમાં મજૂરી માટે જવું પડે છે. શિક્ષણની બાબતમાં જોઈએ તો ગામમાં શિક્ષિત લોકોનું પ્રમાણ વધ્યું છે. શિક્ષણની કિંમત તેમને સમજાઈ છે. શિક્ષિત હોવાને કારણે મીલીટરી તેમજ અન્ય સરકારી, બિનસરકારી સંસ્થાઓમાં નોકરી કરતા થયા છે. ગામમાં કોઈ ગૃહઉદ્યોગ કે નાના પાયાના ઉધોગનો વિકાસ થયો નથી. ગામમાં રોજગારીની તકો ઓછી છે.

સમગ્ર રીતે ગામના લોકોની આર્થિક સ્થિતિમાં દાયકા દરમિયાન ખાસ પરિવર્તન જોવા મળતું નથી. તેમની નાણાંકીય આવકમાં વધારો થયો છે પરંતુ વાસ્તવિક આવકમાં વધારો થયો નથી.

-o-o-o

## -:: પ્રકરણ - ૫ ::-

## -:: ઉપસંહાર ::-

આપણા દેશને આઝાદી ૧૯૪૭માં મળી. ૧૯૬૯માં જ્યારે આભાપુર ગામની મોજણી કરવાનું હાથ ધરવામાં આવ્યું હતું ત્યારે એવી આશા હતી કે આ ૨૨ વરસ દરમિયાન ગામડાનું જીવન પલટાઈ ગયું છે. પણ ૧૯૬૯ની મોજણીમાંથી ઉપસ્થિત થતું ચિત્ર વર્ષોથી ચાલી આવતી સ્થિતિનું જ પ્રતિબિંબ ફેંકે છે. આદિવાસી સમાજ હજુ પણ પોતાનામાંથી અલગતા, બંધિયારપણું સ્થગિતતા, સુસ્તતા વગેરે ખંખેરી શક્યો નથી. ગ્રામ અને શહેરી સમાજ વચ્ચેની પ્રતિ પક્ષતા આશ્ચર્ય પમાડે તેવી છે. આદિમ સમાજ, સંસ્કૃતિની વિકાસની આગેકૂચમાં પોતાના કદમ મિલાવવામાં પાછળ પડી ગયો છે પણ એ ભૂલાઈ ન જવું જોઈએ કે સૈકાઓ થયા, મહા ઓથાર નીચે દબાઈ ગયેલા આદિવાસી સમાજમાં પરિવર્તન ઝડપભેર થઈ શકતું નથી.

૧૯૮૯નું આભાપુર ગામનું ચિત્ર આશા-નિરાશાના બે વિરોધી તત્વોના મિશ્રણ દર્શાવે છે. છેલ્લા ૪૨ વરસમાં આદિવાસીઓના વિકાસ માટે જે પગલાં લેવામાં આવ્યા છે તેના સારા-નરસા પરિણામો ધીમે ધીમે આપણી સમક્ષ સ્પષ્ટ થતાં લાગે છે. મોટાભાગના આદિવાસી લોકો હવે જાગૃત થઈ ગયેલ લાગે છે. પુખ્ત મતાધિકાર અને આદિવાસીઓ માટેની ખાસ અનામત બેઠકોની જોગવાઈના પરિણામે કેટલાક રાજકીય અને સામાજિક પરિબળો કાર્યાન્વિત બન્યા છે. એમના માટે નવા દૃષ્ટિકોણ અને નવી તકોના દરવાજા ખુલ્લા થયા છે. આમ છતાં તેમાંથી કેટલીક અસ્વચ્છ પરિસ્થિતિ પણ પેદા થઈ છે.

આજનો આદિવાસી ૪૨ વર્ષ પહેલાં શહેરી લોકો અને શાહુકારની તેમજ સરકારી કર્મચારીઓથી ભડકનાર આદિવાસી રહયો નથી. એના બાળકો હવે ઉચ્ચશિક્ષણ લેતા થયા છે. તેમની શિક્ષણ પ્રત્યેની અભિરૂચિ વધી છે.

સિક્કાની બીજી બાજુએ જોઈએ તો આધુનિક સભ્યતાએ આદિમ સમાજની અંદર પ્રવેશ કર્યો હોવા છતાં પરિવર્તનોના પરિબળો ઉપરછલ્લાં છે. તેમનામાં તે ઉંડા પ્રવેશ્યા નથી. હજુ પણ તેઓ મોટેભાગે ઉદ્યોગ પ્રવૃત્તિ પ્રત્યે

ઉદાસીન વલણ ધરાવે છે. તેમના વિકાસ માટેના આયોજન અંગે વખતોવખત સમીક્ષા, મૂલ્યાંકન અને આલોચના કરવા છતાં આપણે ધાર્યું પરિણામ લાવી શક્યા નથી. આભાપુર વિસ્તારની આસપાસ વિવિધ યોજનાઓ હેઠળ અનેક નાણાં ખર્ચવામાં આવ્યા છે. એક બાજુએ નાણાં ભંડોળની રકમ લઈ એ અને બીજી બાજુ વસતિને થયેલ યા થનાર સીધા આડકતરા, સ્પષ્ટ ગર્ભિત વગેરે લાભોને સરખાવીએ તો ચોકકસપણે કહી શકાય કે પ્રગતિની ગતિ અત્યંત ધીમી છે. રૂચિ વધી છે. જૂના રીતરિવાજો, પ્રણાલીઓ અને વહેમો ધીમે ધીમે છોડવા માંડયા છે. હાથથી ખેંચવાનું હળ લઈ ગમે તેમ ખેતી કરનાર આદિવાસી, આજે સુધારેલું બિયારણ, ખાતર અને સિંચાઈનો ઉપયોગ કરી સારું ધાન્ય ઉત્પન્ન કરવા લાગ્યો છે. નાના નાના દેવામાં ક્રમે ક્રમે ડૂબતો તે, પહેલાં શાહુકારનો ગુલામ હતો, તે પરિસ્થિતિમાંથી હવે ઉગરવા લાગ્યો છે. આદિવાસી ઉત્થાન માટે સરકાર તરફથી મળતી વિશેષ સહાય (આર્થિક, શૈક્ષણિક વગેરે બાબતોમાં) અને તેની ઉપલબ્ધતા અંગેની માહિતી મેળવવા તે ઉત્સુક બનતો જાય છે. તે હવે સહકાર અને સ્વાશ્રયનો પાઠ જીવનમાં ઉતારી રહયો છે.

આમ છતાં આદિમ સમાજોના ભાવિ પરિવર્તનનો ઢાંચો બરાબર ગોઠવાઈ ગયો છે. અને તેઓએ સ્વાવલંબી આર્થિક ભૂમિકા હાંસલ કરી લીધી છે એ માનવું ભૂલભરેલું છે.

આભાપુરના આદિવાસીઓનો મુખ્ય ધંધો ખેતીનો છે. ખેતીની દૃષ્ટિએ હજુ પણ તેઓ પછાત છે. જમીનની ઓછી ફળદ્રુપતા, સિંચાઈની અપૂરતી સવલતો, ખેતીના સાધનોનો અપૂરતો ફેલાવો વગેરે કારણસર આ વિસ્તાર પાછળ xxxx રહી ગયો છે. આથી વિસ્તારના ખેતીના કાર્યક્રમમાં જમીન સુધારણા, છૂટછાટના દરે મહત્વની ખેતી વિષાયક સામગ્રીનો પૂરવઠો પૂરો પાડવો, ખેતી પધ્ધતિઓ સુધારવી, ભૂકંપ ચકાસણીની વ્યવસ્થા કરવી, આદિવાસી ખેડૂતોનેx યોગ્ય તાલીમ આપવી, શાકભાજી તેમજ ફળાઉ વાવેતરને ઉત્તેજન વગેરે બાબતોને અગ્રતા આપવી જોઈએ. તેમના વિકાસમાં પશુપાલન મહત્વનો ભાગ ભજવે છે તે અંગે પણ તેમને યોગ્ય તાલીમ આપવી જોઈએ. ખાસ કરીને પશુપાલનના ઉછેર માટે આદિવાસી બહેનોને તાલીમ આપવી જોઈએ. તેમના ઢોરોની ઓલાદ હલકા પ્રકારની હોઈ દૂધ નામનું જ

આપે છે. યોગ્ય ઘાસચારાના અભાવે ગાયભેંસ જંગલમાં જતા ઓછા દૂધવાળા થઈ જાય છે. ઘણીવાર રોગ થવાથી સામટા મરી જાય છે. તેના ઉપાયો શોધવાથી અને યોગ્ય માર્ગદર્શન આપવાથી આ બે ગૃહઉદ્યોગ સફળતાપૂર્વક વિકસાવી શકાય. જંગલ વ્યવસાય એ બહોળા વિસ્તારવાળો અને લાંબા કાલચક્રવાળો કૃત્ય વ્યવસાય છે. એના સઘન વિકાસ માટેનો પૂરેપૂરો અવકાશ છે. જંગલ ઉત્પન્નને ~~xxxxx પૂરેપૂરો xxxxx છે. xxxx~~ લગતા નાના ઉદ્યોગો, કુટિર ઉદ્યોગો, ગૃહઉદ્યોગ વિગેરે પ્રવૃત્તિથી અનેક જાતના પ્રત્યક્ષ અને પરોક્ષ લાભો મળી શકે તેમ છે.

પણ મુખ્ય પ્રશ્ન આવે છે વહીવટનો. સંનિષ્ઠાવાન કાર્યકરોને અભાવે ઉપર સુંદર લાગતી યોજનાઓ અમલીકરણને તબક્કે સદંતર નિષ્ફળ નિવડી છે. નોકરી મેળવવાની લાલચે આવેલા એવા સરકારી અમલદારોની પાસેથી સંગીન કામની આશા ભાગ્યે જ રાખી શકાય. લોકશાહીમાં લોક અને સરકાર જુદા નથી. સરકારી કર્મચારીઓએ આદિવાસીઓ પ્રત્યે સંવેદનશીલ વલણ ધરાવવું પડશે અને તેમ થશે તો તે લોકોને વિશ્વાસ ઉભો થશે અને જ્યારે સ્થાનિક વસતિને પોતાને થનાર લાભની પ્રતિતિ થશે ત્યારે તેઓ પણ પોતાનું વલણ બદલશે. આદિવાસીઓ અને દરેક સ્તરના કર્મચારીઓના સંબંધો મીઠા રહે તો બધી જ વિકાસ યોજનાઓ સારો લાભ આપી શકશે તેમાં શંકા નથી.

-o-o-o